અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

01 MAY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 298 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

2

વટવામાં 34 વર્ષ પહેલાં થયેલી હત્યાનો મામલો: ઘટના સ્થળે દર શુક્રવારે યુવક દીવો અને અગરબતી કરતો, મુખ્ય આરોપી....

4

વૃદ્ધાશ્રમનો પત્ર:પ્રેમ કે અહંકાર? "સંતાન નહીં, સંસ્કાર:" "વ્રજની ચરણરજ અને વૃદ્ધાવસ્થાનો સાચો આધાર"

5

સેમિફાઈનલના ફર્સ્ટ લેગમાં પેરિસ સેન્ટ જર્મને બાયર્ન મ્યુનિખને 5-4થી હરાવ્યું

7

સેન્સેક્સ 583 પોઈન્ટ ઘટીને 76,913 પર બંધ: નિફ્ટી પણ 180 પોઈન્ટ ઘટીને 23,998 પર આવ્યો, મેટલ અને બેંકિંગ...

## રાજનાથ સિંહે પાકિસ્તાનને આતંકવાદનું કેન્દ્ર ગણાવ્યું

# ઓપરેશન સિંદૂર દરમિયાન અમે લાંબી લડાઈ માટે તૈયાર હતા

### ઓપરેશન રોકવાનો નિર્ણય ભારતની ક્ષમતા ન હોવાને કારણે નહીં, પણ વ્યૂહાત્મક રીતે લેવામાં આવ્યો હતો : કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ

**નવી દિલ્હી, તા.30**

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે (૩૦ એપ્રિલ) ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરીને પાકિસ્તાન પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે, નવી દિલ્હીએ પાકિસ્તાનમાં આતંકવાદી કેમ્પો નષ્ટ કરવા માટે હાથ ધરાયેલું ઓપરેશન સિંદૂર સ્વેચ્છાએ અને પોતાની શરતો પર રોકી દીધું હતું. તેમણે કહ્યું કે, જો જરૂર પડી હોત તો ભારત લાંબી લડાઈ માટે સંપૂર્ણ રીતે તૈયાર હતું. એએનઆઈ નેશનલ સિક્યોરિટી સમિટ ૨.૦માં સંબોધન કરતા રાજનાથ સિંહે કહ્યું કે, ઓપરેશન રોકવાનો નિર્ણય ભારતની ક્ષમતા ન હોવાને કારણે નહીં, પણ વ્યૂહાત્મક રીતે લેવામાં આવ્યો હતો. તેમણે પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય આતંકવાદનું કેન્દ્ર ગણાવ્યું અને આતંકવાદના વિચારધારા અને રાજકીય આધારને જડમૂળથી નાબૂદ કરવાની જરૂરિયાત પર ભાર પણ મૂક્યો હતો.



તેમણે કહ્યું કે, "ઓપરેશન સિંદૂર આપણા ત્રણેય સેનાની એકતાનું ઉત્તમ ઉદાહરણ છે. આર્મી, નેવી અને એરફોર્સ એકસાથે અને એક જ યોજના હેઠળ કામ કરી રહી હતી. ભારતની સૈન્ય શક્તિ હવે અલગ-અલગ નહીં, પણ સંયુક્ત અને વૈશ્વિક શક્તિ બની છે. એટલે જ અમે ઓપરેશન પણ પોતાની શરતો અને સમય પર શરૂ કર્યું અને પોતાની શરતો પર જ પૂરું કર્યું હતું."

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા તેમણે આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ પોલિસીની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું, "અમે સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક અને ઓપરેશન સિંદૂર જેવા પગલાં આતંકવાદ સામે લીધા છે. આ આપણા આતંકવાદ વિરોધી દૃઢ નિર્ધારનો પુરાવો છે. આતંકવાદ માનવતા પર કલંક છે. તેની સામેની લડાઈ માત્ર સુરક્ષા માટે નહીં, પણ માનવ મૂલ્યોની રક્ષા માટે છે."

રાજનાથ સિંહે એ પણ ખુલાસો કર્યો કે ઓપરેશન દરમિયાન ભારતને ન્યુક્લિયર હુમલાની ધમકી મળી હતી, પણ ભારત ડર્યું નહીં. તેમણે કહ્યું કે, "અમને ન્યુક્લિયર હુમલાની ધમકી આપવામાં આવી હતી, પણ અમે એ ધમકીથી ડર્યા નહીં. ભારત હંમેશા પોતાના રાષ્ટ્રીય હિત માટે પગલાં લે છે. પાકિસ્તાન જેવા દેશોએ હંમેશા આતંકવાદને આશ્રય આપ્યો છે. એટલે જ ભારત અને પાકિસ્તાન બંનેને એકસાથે આઝાદી મળી હોવ છતાં પણ આજે ભારત IT (Information Technology) માટે ઓળખાય છે અને પાકિસ્તાન IT 'International Terrorism' માટે ઓળખાય છે."

પહલગામ આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા. જે પછી ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં ૯ આતંકી ઠેકાણાં પર ચોક્કસ હુમલા કર્યા હતા. આ ઓપરેશનમાં ૧૦૦થી વધુ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા, જેમાં જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરના ૧૦ પરિવારજનો અને ૪ નજીકના સાથીઓનો પણ સમાવેશ થાય છે. ઓપરેશન દરમિયાન પાકિસ્તાનને ભારે નુકસાન થતાં ત્યાંના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMO)એ ભારતીય DGMOને ફોન કરીને ૧૦ મેના રોજ સીઝફાયર માટે વિનંતી કરી હતી.

## હેલિકોપ્ટરથી પહેલી વખત એકસાથે બે મિસાઈલ લોન્ચ: DRDO અને ભારતીય નૌકાદળે એડવાન્સ એર-લોન્ચ સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું

**નવી દિલ્હી, તા.30**

DRDO અને નૌકાદળે બુધવારે બંગાળની ખાડીમાં હેલિકોપ્ટર દ્વારા શોર્ટ રેન્જ નેવલ એન્ટી-શિપ મિસાઈલનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કર્યું. આ દરમિયાન એક હેલિકોપ્ટરથી થોડી જ સેકન્ડના અંતરે બે મિસાઈલો છોડવામાં આવી. બંનેએ જહાજના નીચલા ભાગ પર સચોટ નિશાન સાધ્યું.

તેના દ્વારા ભારતે સાલ્વો લોન્ચ ક્ષમતાનું પ્રદર્શન કર્યું. એટલે કે, એક લોન્ચરમાંથી ઓછા સમયમાં વધુ મિસાઈલો છોડવી. આ ટેકનિક દુશ્મનના રડાર સિસ્ટમને ચકમો આપી શકે છે.

ઓડિશાના ચાંદીપુરની ટેસ્ટ રેન્જમાં સ્થાપિત રડાર, ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ સિસ્ટમ અને ટેલિમેટ્રી દ્વારા મિસાઈલની સંપૂર્ણ ઉડાન અને નિશાનને ટ્રેક કરવામાં આવ્યું.

રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ સફળતા બદલ DRDO, નૌકાદળ, વાયુસેના અને ઉદ્યોગ જગતને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે આ મિસાઈલના નિર્માણથી સેનાની તાકાત ઘણી વધશે.

મિસાઈલે જહાજના તે ભાગને નિશાન બનાવ્યું, જ્યાં હુમલો થવા પર વધુ નુકસાન થાય છે. મિસાઈલમાં શરૂઆત માટે બૂસ્ટર અને આગળ ઉડાન જાળવી રાખવા માટે અલગ સિસ્ટમ લાગેલી છે.



સાથે જ ટાર્ગેટ ઓળખવા, રસ્તો નક્કી કરવા અને ઊંચાઈ જાળવી રાખવા માટે ઘણી તકનીકો ઉમેરવામાં આવી છે.

મિસાઈલમાં એવી સિસ્ટમ છે, જેનાથી ઉડતી વખતે પણ તેને નવી જાણકારી આપી શકાય છે. જરૂર પડ્યે દિશા બદલી શકાય છે.

આ મિસાઈલને DRDOની અલગ-અલગ લેબ્સ અને ભારતીય ઉદ્યોગોએ મળીને તૈયાર કરી છે. હવે તેનું ઉત્પાદન પણ દેશમાં જ કરવામાં આવી રહ્યું છે.

આ પહેલા શનિવારે DRDO અને નૌકાદળે એક નવા યુદ્ધ જહાજ પ્રોજેક્ટ માટે હાઈડ્રોડાયનેમિક પર્ફોર્મન્સ અને મોડેલ ટેસ્ટિંગ પૂર્ણ કરી. આ કામ નેવલ સાયન્સ એન્ડ ટેકનોલોજીકલ લેબોરેટરી (NSTL) અને નૌકાદળના વોરશિપ ડિઝાઈન બ્યુરોએ મળીને કર્યું.

ટેસ્ટમાં જહાજની ગતિ, પાણીમાં તેનું વર્તન, એન્જિનમાંથી મળતી શક્તિ અને વળવાની ક્ષમતા જેવા મહત્વના પાસાઓની ચકાસણી કરવામાં આવી. પરિણામો આંતરરાષ્ટ્રીય સ્તરના બરાબર જોવા મળ્યા.

DRDOના અધ્યક્ષ સમીર વી કામતે આ પ્રોજેક્ટના પરિણામો નૌકાદળના અધિકારી સંજય સાધુને સોંપ્યા. આ દરમિયાન DRDO અને નૌકાદળના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા.

મહારાષ્ટ્રના અહિલ્યાનગરમાં DRDOએ નવા આર્મર્ડ પ્લેટફોર્મ રજૂ કર્યા. આ ટ્રેક અને પૈડાં બંને પ્રકારના છે. તેમને સેનાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે.

આ પ્લેટફોર્મમાં 30 mmનું ક્રૂલેસ ટરેટ લગાવવામાં આવ્યું છે. તેમાં શક્તિશાળી એન્જિન અને ઓટોમેટિક ટ્રાન્સમિશન આપવામાં આવ્યું છે, જેનાથી તેની સ્પીડ અને ક્ષમતા વધે છે. સાથે જ તેમાં ચારેય બાજુ સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ જમીન સાથે પાણીમાં પણ ચાલી શકે છે. તેમાં હાઈડ્રો જેટ ટેકનોલોજી આપવામાં આવી છે, જેનાથી પાણીમાં ચાલવું સરળ બને છે. આ એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ છોડવામાં પણ સક્ષમ છે. આ પ્લેટફોર્મમાં હાલમાં લગભગ 65% સ્વદેશી સામાનનો ઉપયોગ થયો છે, જેને આગળ વધારીને 90% સુધી લઈ જવાની યોજના છે.

## રાહુલ ગાંધીએ કહ્યું-VIP કલ્ચર છોડીને જનતા સાથે સંવાદ કરો: પંજાબ, J&K અને હિમાચલ કોંગ્રેસના જિલ્લા પ્રમુખોને ટ્રેનિંગ આપી

**કાંગડા, તા.30**

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આજે (ગુરુવારે) કાંગડામાં હિમાચલ પ્રદેશ, પંજાબ અને જમ્મુ-કાશ્મીરના 80 કોંગ્રેસ પ્રમુખોને ટ્રેનિંગ આપી. રાહુલ ગાંધીએ કહ્યું કે સંગઠનને મજબૂત બનાવવા માટે VIP કલ્ચર છોડીને સામાન્ય જનતા સાથે સીધો સંવાદ કરવો પડશે.

રાહુલ ગાંધીએ જનતા સાથે જોડાયેલા મુદ્દા ઉઠાવવાની સલાહ આપી. તેમણે કહ્યું કે વિરોધ પક્ષોના નેરેટિવનો જવાબ મીડિયાની સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી આપવો જોઈએ.

રાહુલે પોતાના સાડા ચાર કલાકના ટ્રેનિંગ કાર્યક્રમ દરમિયાન સંગઠનને મજબૂત કરવા, મીડિયા મેનેજમેન્ટ, સોશિયલ મીડિયાના અસરકારક ઉપયોગ અને વિપક્ષના નેરેટિવનો જવાબ આપવા માટે ટિપ્સ આપી હતી.

રાહુલ ગાંધીએ બપોરે દોઢ વાગ્યાની આસપાસ કોંગ્રેસના જિલ્લા પ્રમુખો સાથે લંચ કર્યું અને બપોરે સવા બે વાગ્યે તેઓ કાંગડાથી પાછા દિલ્હી પરત ફર્યા.



ખરેખરમાં, કોંગ્રેસનો સંગઠન સર્જન કાર્યક્રમ હેઠળ ટ્રેનિંગ શિબિર હિમાચલના કાંગડામાં રાખવામાં આવી હતી. આમાં ત્રણ રાજ્યોના 80 જિલ્લા પ્રમુખોને 10 દિવસ સુધી ટ્રેનિંગ આપવામાં આવી. આજે ટ્રેનિંગ શિબિર સમાપ્ત થઈ છે. આ પ્રકારના શિબિરો કોંગ્રેસ અન્ય રાજ્યોમાં પણ લગાવી ચૂકી છે. તેનો હેતુ સંગઠનને મજબૂત બનાવવાનો છે.

રાહુલ ગાંધી સવારે 8 વાગ્યે દિલ્હીથી ફ્લાઈટમાં કાંગડા એરપોર્ટ પહોંચ્યા. ત્યાંથી તેઓ રોડ માર્ગે કાંગડાના ગુપ્ત ગંગા હોટેલ પહોંચ્યા, જ્યાં ટ્રેનિંગ શિબિર ચાલી રહી હતી. આ દરમિયાન મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુ, પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ વિનય કુમાર, ડેપ્યુટી સીએમ મુકેશ અગ્નિહોત્રી અને પ્રદેશ કોંગ્રેસના અન્ય મોટા નેતાઓ પણ હાજર રહ્યા.

રાહુલ ગાંધીના પ્રવાસને ધ્યાનમાં રાખીને કાંગડા શાકભાજી માર્કેટમાં આજે રજા જાહેર કરવામાં આવી છે, જેથી ટ્રાફિક જામની સ્થિતિ ટાળી શકાય. આ પહેલા બુધવારે એસપીજી કમાન્ડો દ્વારા કાંગડા એરપોર્ટથી કાર્યક્રમ સ્થળ સુધી બે વાર સુરક્ષા તપાસ અને પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુએ જણાવ્યું કે રાહુલ ગાંધી સમગ્ર દેશમાં સંગઠન નિર્માણ અભિયાન હેઠળ કોંગ્રેસ નેતાઓને ટ્રેનિંગ આપી રહ્યા છે. આ જ કડીમાં તેઓ કાંગડા આવ્યા. હિમાચલ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત ટ્રેનિંગ શિબિરના સંયોજક અને HRTCના ઉપાધ્યક્ષ અજય વર્માએ જણાવ્યું કે રાહુલ ગાંધીનો આ પ્રવાસ ફક્ત ટ્રેનિંગ શિબિર પૂરતો મર્યાદિત રહેશે.

રાહુલ ગાંધીના પ્રવાસને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી સુક્ખુ છેલ્લા ત્રણ દિવસથી કાંગડામાં રોકાયા છે અને તૈયારીઓમાં વ્યસ્ત હતા. તેમના સિવાય પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ વિનય કુમાર, પ્રદેશ કોંગ્રેસ પ્રભારી રજની પાટીલ, કેબિનેટ મંત્રી અને અન્ય વરિષ્ઠ નેતાઓ પણ કાંગડા પહોંચ્યા હતા.

# અમેરિકા-ઈઝરાયેલ પર વાદળો ચોરવાનો આરોપ: ઈરાકી સાંસદે કહ્યું - આનાથી મિડલ ઈસ્ટમાં દુષ્કાળ પડે છે

**તહેરાન, તા.30**

ઈરાન યુદ્ધ વચ્ચે ઈરાકી સાંસદ અબ્દુલ્લા અલ-ખૈખાનીએ અમેરિકા અને ઈઝરાયેલ પર મિડલ ઈસ્ટમાં વાદળો ચોરવાનો આરોપ લગાવ્યો છે. અબ્દુલ્લા અલ-ખૈખાનીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે અમેરિકા અને ઈઝરાયેલ ઘણા વર્ષોથી વિમાનોની મદદથી મિડલ ઈસ્ટમાં વાદળો ચોરતા રહ્યા છે. તેમણે કહ્યું કે આ જ કારણોસર આ ક્ષેત્રમાં લાંબા સમયથી દુષ્કાળ પડી રહ્યો હતો. સાંસદે દાવો કર્યો કે હવે અમેરિકા અને ઈઝરાયેલ ઈરાન સાથે યુદ્ધમાં વ્યસ્ત છે, તેથી વરસાદ ફરી પાછો ફર્યો છે.

નિવેદન સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર આ દાવાને લઈને ચર્ચાઓ અને અફવાઓ તેજ બની ગઈ. હવામાન નિષ્ણાતોએ કહ્યું કે એવી કોઈ ટેકનિક અસ્તિત્વમાં નથી, જેનાથી વાદળોની ચોરી કરી શકાય. ઈરાક હવામાન વિભાગના પ્રવક્તા અમ્ર અલ-જાબીરીએ આ દાવાને ન તો વૈજ્ઞાનિક ગણાવ્યો અને ન તો તાર્કિક. તેમણે કહ્યું કે ગયા વર્ષે



સપ્ટેમ્બરમાં જ અનુમાન લગાવી લેવામાં આવ્યું હતું કે 2026 ઈરાક માટે વરસાદી વર્ષ રહેશે. નિષ્ણાતોએ હવામાન સંબંધિત ખોટા દાવાઓ અને ષડયંત્રના સિદ્ધાંતોથી બચવાની અપીલ કરી છે. અલ-ખૈખાનીએ દાવો કર્યો છે કે મિડલ ઈસ્ટમાં હવામાન બદલનારા હથિયારનો ઉપયોગ કરીને દુષ્કાળ પેદા કરવામાં આવ્યો. તેમણે આરોપ લગાવ્યો કે વાતાવરણમાં ફેરફાર કરીને જાણી જોઈને વરસાદ રોકવામાં આવ્યો.

BBCના રિપોર્ટ મુજબ, ખૈખાનીએ કહ્યું કે 'એટમોસ્ફેરિક મોડિફિકેશન વેપન'નો ઉપયોગ કરવામાં આવ્યો. તેમણે દાવો કર્યો કે આ ટેકનિકથી વાતાવરણમાં ફેરફાર કરીને મિડલ ઈસ્ટમાં દુષ્કાળ પેદા કરવામાં આવ્યો. તુર્કીયેમાં ભારે વરસાદને પણ કેટલાક લોકોએ આ જ કથિત ષડયંત્ર સાથે જોડી દીધો.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહેવામાં આવ્યું કે યુદ્ધના કારણે અમેરિકી વિમાનો તુર્કીના એરસ્પેસમાં જઈ શકતા નથી, તેથી ત્યાં સતત વરસાદ થઈ રહ્યો છે. આ પોસ્ટ 10 લાખથી વધુ વખત જોવામાં આવી.

કેટલાક યુઝર્સે દાવો કર્યો કે ઈરાનમાં દાયકાઓથી ચાલી રહેલો દુષ્કાળ, અમેરિકાના ઠેકાણાઓ પર હુમલાના પાંચ દિવસની અંદર સમાપ્ત થઈ ગયો.

નિષ્ણાતોનું કહેવું છે કે આવા દાવા વિશ્વાસના અભાવ અને આબોહવાની સમજણના અભાવથી પેદા થાય છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે હવામાનની દિશા કે તીવ્રતાને સીધી રીતે નિયંત્રિત કરતી કોઈ ટેકનોલોજી અસ્તિત્વમાં નથી. તેનાથી વિપરીત, મધ્ય પૂર્વમાં વધતા ચરમ હવામાન પાછળ આબોહવા પરિવર્તનને જવાબદાર ઠેરવવામાં આવી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર યુનિવર્સિટીના કાવેહ મદની અનુસાર, ક્લાઉડ સીડિંગને રાજકીય હથિયાર તરીકે રજૂ કરવામાં આવી રહ્યું છે. ક્લાઉડ સીડિંગમાં વાદળો પર નાના કેમિકલ (જેમ કે સિલ્વર આયોડાઈડ) કણો નાખવામાં આવે છે, જેથી વરસાદ થઈ શકે.

જોકે વૈજ્ઞાનિકો કહે છે કે તેની અસર ખૂબ મર્યાદિત હોય છે. તે હાલના વાદળોમાંથી વધુમાં વધુ 15% સુધી જ વરસાદ વધારી શકે છે. કેટલાક લોકો માને છે કે એક જગ્યાએ ક્લાઉડ સીડિંગ કરવાથી પડોશી વિસ્તારોમાંથી વરસાદ છીનવી લેવાય છે. ખલીફા યુનિવર્સિટીના પ્રોફેસર ડાયના ફ્રાન્સિસના મતે, તેને એમ સમજો કે તે વાદળોને હળવો ધક્કો આપે છે, હવામાનને નિયંત્રિત કરતું નથી. વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન (WMO) અનુસાર, તાજેતરના દાયકાઓમાં આ ક્ષેત્રનું તાપમાન વૈશ્વિક સરેરાશ કરતાં બમણા દરે વધ્યું છે. આનાથી હીટવેવ લાંબી અને વધુ તીવ્ર બની રહી છે અને વરસાદની પેટર્ન પણ અનિયમિત થઈ ગઈ છે. કુલ વરસાદ ઓછો થઈ રહ્યો છે, પરંતુ જ્યારે થાય છે ત્યારે ખૂબ જ તીવ્ર હોય છે, જેનાથી ફ્લેશ ફ્લડ અથવા દુષ્કાળનો ખતરો વધે છે. નિષ્ણાતોનું માનવું છે.



# સાબરમતી રીવરફ્રન્ટમાંથી મળેલી લાશમાં હત્યાનો ઘટસ્ફોટ

## રાંધેજાના યુવક પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરીને નદીમાં ફેંકી દીધો, ચહેરો ખરડાયેલો... શરીર પર ઘાથી મર્ડર મિસ્ટ્રી સોલ્વ

**અમદાવાદ, તા.30**

અમદાવાદના સાબરમતી નદીમાં થોડા દિવસ પહેલા મળેલી બિનવારસી લાશના કેસમાં હવે ચોંકાવનારો ખુલાસો થયો છે. શરૂઆતમાં અજાણ્યા યુવકની લાશ મળતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો તો પરંતુ આ કેસ હવે હત્યામાં ફેરવાયો છે. યુવક પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરીને નદીમાં ફેંકી દીધો હતો, ચહેરો ખરડાયેલો શરીર પર ઘાથી મર્ડર મિસ્ટ્રી પોલીસે સોલ્વ કરી.



મૃતકની ઓળખ ગાંધીનગર જિલ્લાના રાધેજા ગામના પ્રજાપતીવાસમાં રહેતા ધવલ સોમાભાઈ રાવળ તરીકે થઈ છે. આ મામલે તેના પિતા સોમાભાઈ રાવળે સાબરમતી રીવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ, 66 વર્ષીય સોમાભાઈ રાવળ મૂળ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પીલવાઈ ગામના વતની છે અને હાલમાં રાધેજા ગામમાં રહે છે. તેઓ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. સોમાભાઈને બે પુત્ર અને પાંચ પુત્રીઓ છે. તેમના મોટા પુત્ર મહેશને આંખની ગંભીર તકલીફ હોવાથી તેને દેખાતું નથી, જ્યારે નાના પુત્ર ધવલે વર્ષ 2017માં ગુલાબ નામની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતાં. દંપતીને પાંચ વર્ષનો એક પુત્ર છે. જોકે, પારિવારિક મતભેદોને કારણે ધવલની પત્ની છેલ્લા દોઢ વર્ષથી પીયરમાં રહેતી હોવાનું સામે આવ્યું છે. ગુમશુદગીથી શરૂ થયેલી ઘટના થોડા દિવસ પહેલાં સોમાભાઈ રોજની જેમ રિક્ષા લઈને કામ પર નીકળ્યા હતા. તે સમયે તેમના બંને પુત્ર મહેશ અને ધવલ ઘરે હાજર હતા. રાત્રે ઘરે પરત ફર્યા બાદ સોમાભાઈએ ધવલ અંગે પૂછપરછ કરતા મહેશે જણાવ્યું કે, ધવલ ભાગોળે બેસવા માટે ગયો છે. પરંતુ મોડીરાત સુધી ધવલ ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતિત બન્યા હતા. સોમાભાઈએ પોતાના સગા-સંબંધીઓ તથા ઓળખીતાઓ પાસે ધવલ અંગે પૂછપરછ કરી હતી, છતાં કોઈ માહિતી મળી નહોતી. અંતે તેમણે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ધવલ ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી.

સાબરમતી રીવરફ્રન્ટ કિનારેથી એક અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. ચહેરો ખરડાયેલો શરીર પર ઘા, અને સૌથી અજીબ હાથ, બાવડા અને શરીરના ભાગોમાં લખાયેલા નામો D, DG, ભાવેશ, ધવલ લખ્યુ હતું. આ સાથે જ હાથમાં બાંધેલો લાલ દોરો. આ બધું પોલીસ માટે મહત્વના ક્લૂ બન્યા જેથી તેની ઓળખ થઈ શકે દરમિયાનમાં સોમાભાઈએ પણ પેથાપુર પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ કરી હતી. પોલીસે સોમાભાઈને લાશનો ફોટો બતાવતા તેમને પોતાના પુત્ર હોવાની શંકા ગઈ કે શું આ મારો ધવલ છે? પરંતુ ખાતરી માટે DNA ટેસ્ટ કરવામાં આવ્યો. રિપોર્ટ આવ્યા બાદ પુષ્ટિ થઈ કે રીવરફ્રન્ટ પરથી મળેલી લાશ ધવલની જ હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ ધવલની હત્યા અત્યંત નિર્દયતાથી કરવામાં આવી હતી. તેના માથા અને ચહેરા પર બોથડ તથા તીક્ષ્ણ હથિયારોથી વારંવાર હુમલો કરવામાં આવ્યો હતો. હત્યા કર્યા બાદ આરોપીઓએ લાશને નદીમાં ફેંકી દીધી હતી જેથી પુરાવા નષ્ટ થઈ જાય અને ઓળખ છુપાઈ રહે.

આ સમગ્ર મામલે સાબરમતી રીવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. હાલમાં હત્યાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી, પરંતુ પારિવારિક વિવાદ, અંગત અદાવત અથવા અન્ય કોઈ કારણને ધ્યાનમાં રાખીને પોલીસ વિવિધ એંગલથી તપાસ કરી રહી છે.

# નરોડામાં સરકારી કાગળોનો દુરુપયોગ: કેસર એક્ઝોટીકા ફ્લેટના દસ્તાવેજમાં ખોટી અશાંતધારાની પરવાનગી રજૂ કરી, દસ્તાવેજ બનાવનાર સામે ફરિયાદ

**અમદાવાદ, તા.30**




અમદાવાદના નરોડા વિસ્તારમાં દસ્તાવેજમાં છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કેસર એક્ઝોટિકા ફ્લેટના એક મકાનના દસ્તાવેજમાં અશાંતધારાની ખોટી પરવાનગીનો હુકમ જોડીને સરકાર સાથે છેતરપિંડી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલે શાહીબાગ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અસારવા સબ-રજિસ્ટ્રાર કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓની તપાસ દરમિયાન વર્ષ 2025નો એક દસ્તાવેજ ધ્યાને આવ્યો હતો. આ મિલકત ખરેખર અશાંતધારા હેઠળ આવતી ન હોવા છતાં, દસ્તાવેજમાં પશ્ચિમ અમદાવાદ સીટી ડેપ્યુટી કલેક્ટરનો 'અશાંતધારા પરમિશન' નો હુકમ જોડવામાં આવ્યો હતો.જ્યારે તત્કાલીન સબ-રજિસ્ટ્રાર આશિષ તાવીયાડે હુકમ પરનો QR કોડ સ્કેન કર્યો, ત્યારે કોઈ પણ ડેટા મળ્યો નહોતો. આથી શંકા જતા ડેપ્યુટી કલેક્ટર કચેરીમાં ખરાઈ કરાવવામાં આવી, જ્યાં જાણવા મળ્યું કે આવી કોઈ પરવાનગી ક્યારેય અપાઈ જ નથી.

શાહીબાગ પોલીસની પ્રાથમિક તપાસમાં મહત્વની વિગતો બહાર આવી છે. મકાન ખરીદનાર મીનાબેન પટેલના પુત્ર ભાવિકભાઈએ આ દસ્તાવેજ તૈયાર કરવા માટે વાડજ વિસ્તારમાં રહેતા કામીત રાવલનો સંપર્ક કર્યો હતો. એટલું જ નહીં આ તમામ કાગળો અને દસ્તાવેજ તૈયાર કરવા બદલ આરોપીને રૂ. 1.57 લાખ ચૂકવવામાં આવ્યા હતા. જે વિસ્તારમાં અશાંતધારો લાગુ જ પડતો નહોતો, ત્યાં ખોટી રીતે પરવાનગીનો લેટર બનાવી દસ્તાવેજ સાથે જોડી દેવામાં આવ્યો હતો.

સબ-રજિસ્ટ્રાર દ્વારા આપવામાં આવેલી ફરિયાદના આધારે શાહીબાગ પોલીસે કામીત રાવલ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. હાલ પોલીસ એ તપાસ કરી રહી છે કે આરોપીએ આ રીતે અન્ય કેટલા દસ્તાવેજોમાં ખોટી પરમીશનનો ઉપયોગ કર્યો છે અને આ કૌભાંડમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ.

# કોસ્મેટિક પ્રોડક્ટ ખરીદવા જતા આનંદનગરના યુવક સાથે 35 હજારની ઠગાઈ, નવરંગપુરામાં દંપત્તીના ફોટાનો ઉપયોગ કરી ફેક આઈડી બન્યું

**અમદાવાદ, તા.30**

અમદાવાદના આનંદનગર અને નવરંગપુરામાં સાયબર ક્રાઈમના બે અલગ અલગ બનાવ બન્યા હતા. આનંદનગરમાં યુવકે ઓનલાઈન જાહેરાત જોઈને કોસ્મેટિક વસ્તુઓ ખરીદવા જતા 35 હજારની ઠગાઈ છે. જ્યારે નવરંગપુરામાં યુવક અને તેની પત્નીના ફોટાનો ઉપયોગ કરીને અજાણ્યા શખ્સે ફેંક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવ્યું હતું. જેની પોલીસે અલગ અલગ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



આનંદનગરમાં રહેતો 21 વર્ષનો યુવક સોલર પેનલનો વ્યવસાય કરે છે.યુવકે ઈન્સ્ટાગ્રામ પર કોસ્મેટિક અને મસાજ થેરાપી જાહેરાત જોઈ હતી.યુવકે રજીસ્ટ્રેશન માટે 199 રૂપિયા ભર્યા હતા.કોસ્મેટિક પ્રોડક્ટ ખરીદવા 1500 ગુગલ પેથી ટ્રાન્સફર કર્યા હતા જે બાદ મેમ્બરશિપ લેવા 8777 પણ ટ્રાન્સફર કર્યા હતા.આ દરમિયાન યુવકના ખાતામાંથી જાણ બહાર 8777,8777 અને 7000 રૂપિયા ઉપડી ગયા હતા. આમ યુવક સાથે 35 હજારની ઠગાઈ થતા આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

નવરંગપુરામાં રહેતો 25 વર્ષીય યુવક હેલ્પર તરીકે નોકરી કરે છે. યુવકને તેના મિત્રએ જણાવ્યું હતું કે એક આઈડી પરથી ઈન્સ્ટાગ્રામમાં રીક્વેસ્ટ આવી હતી જેમાં પ્રોફાઈલ ફોટોમાં યુવક અને તેની પત્નીનો ફોટો હતો. યુવકને પણ તે અજાણ્યા આઈડી પરથી રીક્વેસ્ટ આવી હતી. યુવકે તે અજાણ્યા વ્યક્તિ સાથે વાતચીત પણ કરી હતી. જોકે યુવકના ફોટોનો ઉપયોગ કરીને ફેંક આઈડી બનાવતા નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# વટવામાં 34 વર્ષ પહેલાં થયેલી હત્યાનો મામલો: ઘટના સ્થળે દર શુક્રવારે યુવક દીવો અને અગરબતી કરતો, મુખ્ય આરોપી ઝડપાયો

**અમદાવાદ, તા.30**

અમદાવાદમાં સાડા ત્રણ દાયકા પહેલાં બનેલી એક અત્યંત સનસનાટીભરી ઘટનાનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે, જે સાંભળીને કોઈપણના રૂંવાડા ઉભા થઈ જાય તેમ છે. વર્ષ 1992માં વટવાના કુતુબનગર વિસ્તારમાં થયેલી એક યુવતીની ઘાતકી હત્યાનો ભેદ 34 વર્ષ બાદ 29 એપ્રિલના રોજ ઉકેલાયો છે. આ મામલાની વિગત એવી છે કે શમશુદ્દીન નામના શખ્સે પોતાની પ્રેમિકા શબનમની કરપીણ હત્યા કરી હતી અને પાપ છુપાવવા માટે મૃતદેહને પોતાના જ ઘરમાં આવેલા કૂવામાં દાટી દીધો હતો. વર્ષો સુધી આ રહસ્ય દટાયેલું રહ્યું હતું, પરંતુ ક્રાઈમ બ્રાન્ચને મળેલી



ચોક્કસ બાતમીના આધારે પોલીસે જેસીબી (JCB) વડે ખોદકામ હાથ ધર્યું હતું અને કૂવામાંથી માનવ અવશેષો શોધી કાઢ્યા હતા.

આ તપાસમાં સૌથી આશ્ચર્યજનક બાબત એ સામે આવી છે કે, હત્યા બાદથી જ આરોપી પરિવારમાં અંધશ્રદ્ધાનો માહોલ જોવા મળતો હતો. પોલીસ તપાસ મુજબ, પરિવારના જ એક સભ્યને દરરોજ મૃતક શબનમનો આભાસ થતો હતો, જેના કારણે આખો પરિવાર ડરના ઓથાર હેઠળ જીવતો હતો. આ ડરને દૂર કરવા માટે પરિવાર તાંત્રિક વિધિના માર્ગે વળ્યો હતો અને એવું પણ જાણવા મળ્યું છે કે દર અઠવાડિયે કોઈ યુવક આ જગ્યા પર આવીને દીવો કરતો હતો. આ યુવક પણ આરોપીના પરિવારનો જ હોવાનું મનાય છે. વર્ષો જૂના આ પાપનો ઘડો ત્યારે ફૂટ્યો જ્યારે પરિવારના જ એક સભ્યએ નશાની હાલતમાં આ જઘન્ય હત્યાની કબૂલાત કરી લીધી અને આ વાત પોલીસ સુધી પહોંચી ગઈ.

પોલીસે હાલમાં મુખ્ય આરોપી શમશુદ્દીનની અટકાયત કરી છે, જે આટલા વર્ષો બાદ પણ જીવિત મળી આવ્યો છે. જોકે, આ લાંબા સમયગાળા દરમિયાન હત્યામાં સંડોવાયેલા અન્ય કેટલાક આરોપીઓના કુદરતી મોત પણ નિપજ્યા છે. બીજી તરફ, નવાઈની વાત એ છે કે મૃતક શબનમના પરિવારે આજદિન સુધી આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાવી નહોતી. હાલમાં ક્રાઈમ બ્રાન્ચે કૂવામાંથી મળેલા અવશેષોને કબજે કર્યા છે અને આ હાડકાં શબનમના જ છે તેની વૈજ્ઞાનિક પુષ્ટિ કરવા માટે મૃતકના ભાઈ સાથે DNA ટેસ્ટ કરાવવાની પ્રક્રિયા હાથ ધરી છે. 34 વર્ષ જૂના આ કોલ્ડ કેસના ઉકેલથી સમગ્ર અમદાવાદમાં ભારે ચર્ચા જાગી છે.

# ખેડામાં સાયબર ઠગાઈના 3 કેસ દાખલ: ક્રેડિટ કાર્ડ, લોનના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી

**નડિયાદ, તા.30**

ખેડા જિલ્લામાં ઓનલાઈન છેતરપિંડીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં નડિયાદ રૂરલ, કપડવંજ ટાઉન અને વસો પોલીસ મથકે સાયબર ક્રાઈમના ત્રણ અલગ-અલગ ગુના નોંધાયા છે. આ કેસોમાં ઠગબાજોએ ક્રેડિટ કાર્ડધારકો અને સામાન્ય નાગરિકોના ખાતામાંથી લાખો રૂપિયાની રકમ પડાવી લીધી છે. પોલીસે આઈટી એક્ટ હેઠળ તપાસ શરૂ કરી છે.



પ્રથમ બનાવ નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. વાસો તાલુકાના રામોલ ગામના મેહુલ રબારી સાથે રૂ. 44,589ની છેતરપિંડી થઈ છે. તેઓ ડભાણ ગામે એશિયન ફૂડ ઈન્ડસ્ટ્રીઝમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. 2 માર્ચના રોજ તેમને અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો, જેમાં એક મહિલાએ તેમના એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડમાં સિક્યુરિટી પ્લાન એક્ટિવ હોવાનું અને તેને બંધ ન કરાવવા પર ચાર્જ લાગશે તેમ જણાવ્યું હતું.

આ પ્લાન ડીએક્ટિવ કરવાના બહાને ઠગબાજોએ મેહુલના વોટ્સએપ પર એક લિંક મોકલી હતી. તેમણે લિંક ખોલતા જ તેમના મોબાઈલમાં આવેલા ઓટીપી ઓટોફિલ થઈ ગયા હતા. ત્યારબાદ તેમના ક્રેડિટ કાર્ડમાંથી અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. 44,589 ઉપડી ગયા હતા. છેતરપિંડીનો અહેસાસ થતાં તેમણે સાયબર હેલ્પલાઈન 1930 પર જાણ કરી અને બાદમાં નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.

બીજી ઘટના કપડવંજ ટાઉનની કુબેરનગર સોસાયટીમાં રહેતા જશવંત પટેલ સાથે બની છે. અજાણ્યા શખ્સોએ તેમના બેંક ખાતામાંથી રૂ. 40,000 ઉપાડી લીધા હતા. જશવંતભાઈ જ્યારે પોતાની બેંકની પાસબુકમાં એન્ટ્રી કરાવવા ગયા ત્યારે તેમને જાણ થઈ કે 4 માર્ચથી 10 માર્ચ દરમિયાન તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી અલગ-અલગ સમયે કુલ રૂ. 40,000 ઉપાડી લેવામાં આવ્યા છે. તેમણે આ અંગે કપડવંજ ટાઉન પોલીસ મથકે અજાણ્યા આરોપી વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.

ત્રીજા કિસ્સામાં વસો તાલુકાના બમરોલી ગામે રહેતા વિપુલકુમાર સોલંકી સાથે લોન અપાવવાના બહાને રૂ. 39,900ની ઠગાઈ થઈ છે. વિપુલકુમારને લગ્ન માટે પૈસાની જરૂર હોવાથી તેમણે મિત્ર પાસેથી મળેલા એક મોબાઈલ નંબર પર વાત કરી હતી. સામા પક્ષે બેંક કર્મચારી હોવાની ઓળખ આપીને રૂ. 4 લાખની લોન મંજૂર કરાવવાની લાલચ આપી હતી. ઠગબાજે ટોકન ફી અને ફાઈલ ચાર્જના નામે વિપુલકુમાર પાસેથી અલગ-અલગ રીતે કુલ રૂ. 39,900 ગુગલ પે મારફતે પડાવી લીધા હતા.

લોન માટે નાણાં ભર્યા બાદ પણ વધુ રકમની માંગણી ચાલુ રહેતા ફરિયાદીને શંકા ગઈ હતી. તેમણે પોતાના નાણાં પરત માંગતા આરોપીએ લોન કેન્સલ કરવાના બહાને પણ પૈસા પડાવ્યા હતા. અંતે લોન ન મળતા અને નાણાં પણ પરત ન આવતા વિપુલકુમારે વસો પોલીસ સ્ટેશનમાં મોબાઈલ નંબર ધારક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ ત્રણેય કિસ્સામાં ગુનાની ગંભીરતાને ધ્યાને રાખીને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરી છે.

# મહુધા પોલીસે દારૂ ભરેલી લક્ઝરી કાર ઝડપી: મંગળપુર પાટીયા પાસેથી 2.77 લાખનો દારૂ અને કાર જપ્ત

**નડિયાદ, તા.30**

ખેડા એલસીબી પોલીસે મહુધા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી છે. મંગળપુર પાટીયા પાસેથી વિદેશી દારૂ ભરેલી એક લક્ઝરી કાર ઝડપી પાડી છે. પોલીસે 2.77 લાખ રૂપિયાનો દારૂ અને 3 લાખ રૂપિયાની કાર સહિત કુલ 5.82 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય એકને વોન્ટેડ જાહેર કરાયો છે.

ખેડા એલસીબીના કર્મચારીઓ ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે, મહુધાથી નડિયાદ તરફ જતી સિલ્વર કલરની મહેન્દ્રા XUV500 ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે મંગળપુર પાટીયા પાસે વોચ ગોઠવી હતી.

બાતમી મુજબની ગાડી આવતા




પોલીસે તેને અટકાવવાનો પ્રયાસ કર્યો. ગાડી રોકાવી તપાસ કરતા તેમાં મોહન ભોગીલાલ કટારા નામનો એક ઈસમ સવાર હતો, જે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના સાગવાળાનો રહેવાસી છે. પોલીસે ગાડીના પાછળના ભાગે તપાસ કરતા કાળા કપડાથી ઢાંકેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

ગાડીમાંથી વિદેશી દારૂ અને બિયરના બોક્સ તેમજ છૂટા ક્વાર્ટર મળી આવ્યા હતા. ચાલક મોહન કટારા પાસે આ માલના કોઈ કાયદેસરના પાસ કે પરમિટ નહોતા. રસ્તા પર વધુ અવરજવર હોવાથી પોલીસે ગાડી અને આરોપીને વધુ તપાસ માટે એલસીબી ઓફિસ કેમ્પસ ખસેડ્યા હતા.

એલસીબી ઓફિસ ખાતે કરાયેલી ગણતરીમાં કુલ 2592 નંગ દારૂનો જથ્થો જપ્ત કરાયો હતો. આ દારૂની કિંમત 2,77,200 રૂપિયા અંકાય છે. આરોપી મોહન કટારાની પૂછપરછમાં સામે આવ્યું કે, આ દારૂનો જથ્થો તેને પપ્પુભાઈ નામના વ્યક્તિએ શામળાજીના આશ્રમ ચોકડી પાસે ગાડીમાં ભરી આપ્યો હતો. પોલીસે પપ્પુભાઈ વિરુદ્ધ પણ ગુનો નોંધી તેને પકડવા તજવીજ હાથ ધરી છે.

# આણંદના પ્રથમ મહિલા મેયર બનવા જૂના હોદ્દેદારોસાથે નવોદિતો પણ સક્રિય, 5 જૂથે લોબિંગ શરૂ કર્યું

**આણંદ, તા.30**

કરમસદ આણંદ મનપામાં ભાજપે ઐતિહાસિક જીત સાથે 43 બેઠકો મેળવી છે. ત્યારે મનપા પ્રથમ મેયર બનાવવા માટે પાંચ મહિલાઓના નામ ચર્ચાઇ રહ્યાં છે. જો કે ભાજપ વર્ષોથી ઉચ્ચો હોદો શિક્ષિત, સ્વચ્છ ચહેરો , પક્ષમાં તેમની કામગીરી જોઇને પદ સોંપવામાં આવતું હોય છે.

જો કે આણંદ પાલિકા પેટન પ્રમાણે કોઇ પણ પક્ષ હોય તો પણ ઉચ્ચો હોદો ગામતળમાંથી ચૂંટાયેલા ફાળે જાય છે. ત્યારે જોવાનું એ રહ્યું કે ભાજપ સ્વતંત્ર નિર્ણય લે છે કે પછી સ્થાનિક નેતાઓ અને સંગઠનની વાતને ધ્યાને લઇને મેયર પદ સોંપવામાં આવશે. તે હાલ તો ચર્ચાનો વિષય બની ગયો છે. આણંદ મનપા મેયર પદે ગામ તળમાંથી પૂર્વ પાલિકા પ્રમુખ જીગ્નેશ પટેલના પત્ની કવિતાબેન સાથે કૃતિકા પટેલ,ગાર્ગીબેન પટેલ, રૂપલ પટેલ, અને હિરલ શાહનુ નામ ચર્ચાય છે. આ ગ્રુપો દ્વારા મોવડી સમક્ષ લોબિંગ શરૂ કરાયુ છે.

આણંદ મનપા પ્રથમ મહિલા મેયર પદ મેળવવા માટે બે નેતાઓ મેદાનમાં પડયાં છે. તેઓ પોતાના નજીકને મેયર પદ મળે તે માટે મોવડી મંડળમાં એડી ચોટીનું જોર લગાવી રહ્યાં છે. ત્યારે હાલમાં શહેર સહિત મનપા જોડાયેલા તમામ વિસ્તારમાં એક ચર્ચા થઇ રહી છે. ગામતળમાં થી મેયર હશે કે પછી પહેલી બહારથી મેયર મુકવામાં આવે છે કે નહી તે હાલ શહેરમાં ટોક ઓફથી ટાઉન મુદો બન્યો છે.



કવિતા પટેલ : કવિતાબેન પટેલના પતિ જીગ્નેશ પટેલ ગત ટર્મમાં પાલિકા પ્રમુખ રહી ચૂકયા છે. અગાઉ શહેર સંગઠનમા યુવા મોરચા મંત્રી રહી ચૂકયા છે. કવિતાબેન એમએ સુધીનો અભ્યાસ કરેલો છે. તેમજ સૌને સાથે રાખી ને ચાલે છે. તેઓ સ્વચ્છ પ્રતિબા ધરાવે છે. પરંતુ તેમના નેગેટીવ પોઈન્ટ તેમના પતિ જીગ્નેશ પટેલ ગત ટર્મમાં ડમ્પીંગ સાઇડ સહિત કેટલાંક કામો ભારે ગેરરિતી આચરી હોવાનો આક્ષેપ છે. તેમ સતત બીજી વખત એક પરિવારને ઉચ્ચ હોદો ભાજપમાં આપવામાં આવતો નથી. તેમ છતાં તેના પતિ હાલ પદ મેળવવા માટે એડીચોડીનું જોર લગાવી રહ્યાં છે.

કૃતિકા પટેલ : કરમસદ પાલિકામાં તેમના પતિ સૌમિલ પટેલ કાઉન્સિલર પદે રહી ચૂકયા છે. તેઓએ એમએસસી સુધીનો અભ્યાસ કરેલો છે. તેમજ મહિલા સંગઠનમાં સારી કામગીરી કરી રહ્યાં છે. સાથે સાથે સ્વચ્છ પ્રતિભાવ ધરાવે છે. તેમજ તેઓ સાંસદની નિકટના ગણાય છે. સાથે સાથે કરમસદના નેતાઓએ પણ પહેલુ મેયર પદ મેળવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે. જો કે સૌમિલ પટેલની કામગીરી કરવાની પદ્ધતિ નગરજનો થોડી ઘણી નારાજગી જોવા મળી રહી છે.

ગાર્ગી પટેલ : વોર્ડ નં 7માંથી વિજેતા બન્યા છે. તેઓ ગામતળના આઝાદ મેદાન વિસ્તારમાં રહે છે. શહેર સંગઠનમાં ગામતળનુ વર્ચસ્વ વધુ છે. સાથે સાથે તેઓ બિનહરીફ વિજેતા બન્યા છે. ગાર્ગીબે બીસીએ નો અભ્યાસ કર્યો છે. મેનેજમેન્ટમાં નિષ્ણાત છે. તેઓ સ્વચ્છ પ્રતિભા ધરાવે છે. તેમના પતિ ભાજપ સંગઠનમાં સક્રિય કાર્યકર છે અને પેજ પ્રમુખ તરીકે રહી ચૂકયા છે. મહિલા સશકિત કરણના કાર્યક્રમમાં ગાર્ગીબેન પટેલ સારી ભૂમિકા ભજવી છે. હાલમાં તેઓનું કોઇ નેગેટીવ પાસુ નથી. જેથી તક મળે તો નવાઇ નહીં

રૂપલબેન પટેલ : વોર્ડ નં 12માંથી જંગી મતો ચૂંટાયા છે. તેઓ અગાઉ આણંદ નગરપાલિકામાં અઢી વર્ષ માટે પ્રમુખ રહ્યાં છે. આમ તેઓ વહીવટી અનુભવ ધરાવે છે. બીએ સુધીનો અભ્યાસ કર્યો છે. સ્થાનિક નેતાઓનું પીઠ બળ ધરાવે છે. તેઓના ટર્મમાં નાના મોટા કામો થયા છે. સામાન્ય ગેરરીતિ સિવાય કોઇ અન્ય ફરિયાદ ઉઠવા પામી નથી. આમ તેઓ સ્વચ્છ પ્રતિભા ધરાવે છે. જેથી તેઓની પર પસંદગી ઉતરે તો નવાઇ નહીં

હિરલ શાહ : વોર્ડ નં 6માંથી બિન હરીફ ચૂંટાયા છે તેઓ બીએડ સુધીનો અભ્યાસ કર્યો છે. જો ભાજપ પાટીદાર ફેકટર પડતુ મુકીને અન્ય જ્ઞાતિ પર કળશ ઢોળે તો હિરલ શાહ સક્ષમ દાવેદાર છે. તેઓ અને તેમના પતિ ભાજપ સંગઠનમાં સક્રિય કાર્યકર તરીકેની છાપ ધરાવે છે. સાથે સાથે તેઓ સ્વચ્છ પ્રતિભા ધરાવે છે. ભાજપ છેલ્લી ઘડી કોઇ અન્ય જ્ઞાતિ માટે નિર્ણય લે તો તેઓને તક મળવાની સંભાવના વર્તાઇ રહી છે.

આણંદ નગર પાલિકાના શાસનમાં અત્યાર સુધી 25 વધુ પ્રમુખ નિમાયા છે. જેમાંથી ગામતળમાંથી 22 પ્રમુખ નિમાયા છે. એકાદ બે વખત અન્ય વિસ્તારના તે અનામત સીટ ના કારણ કે અન્ય સંજોગો ઉભા થાય તો જ અન્ય પ્રમુખ પદ આપવામાં આવે છે. જો કે આ વખતે આણંદ મનપામાં કરમસદ, વિદ્યાનગર શહેર સહિત ચાર ગ્રામ્ય વિસ્તાર ઉમેરાયા છે. મનપાની બેઠકો આણંદ, કરમસદ અને વિદ્યાનગર જોરે ભારે બહુમતી મળી છે. ત્યારે મનપા પ્રથમ મેયર પદ કોને આપવામાં આવશે. તે ચર્ચાનો વિષય બની ગયો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત





Vibrant GUJARAT REGIONAL CONFERENCES
Regional Aspirations, Global Ambitions





# દક્ષિણ ગુજરાત

## 01st | 02nd MAY 2026

## ક્ષેત્રીય આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્ત્વાકાંક્ષાઓ

### કેન્દ્રિત ક્ષેત્રો

- જેમ્સ એન્ડ જ્વેલરી
- ટેક્સટાઇલ્સ એન્ડ એપેરલ્સ
- કૃષિ એન્ડ ફૂડ પ્રોસેસિંગ
- કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ
- ટુરિઝમ

### કૉન્ફરન્સની વિશેષતાઓ

- ઉદ્ઘાટન સમારોહ
- સેક્ટર-સ્પેસિફિક સેમિનાર
- રાષ્ટ્રવ્યાપી સેમિનાર
- પ્રાદેશિક પુરસ્કારો (MSMEs/કારીગર-કસબી)
- પ્રાદેશિક MSME કૉન્ક્લેવ
- પેનલ ચર્ચાઓ
- રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ
- રિવર્સ બાયર-સેલર મીટ
- ઉદ્યમી મેળો
- ટ્રેડ શો/પ્રદર્શન
- B2B/B2G મીટિંગ્સ
- વિશેષ પ્રવાસ/ઔદ્યોગિક ક્ષેત્રોની મુલાકાત
- વિક્રેતા વિકાસ કાર્યક્રમ
- સમાપન સત્ર

ભવ્ય ઉદ્ઘાટન
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના**
વરદ હસ્તે

ગરિમામયી ઉપસ્થિતિ
**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાત સ્થાપના દિવસ
1 મે, 2026



1 મે, 2026, શુક્રવાર | સવારે 09:30 વાગે | ઑરો યુનિવર્સિટી, સુરત, ગુજરાત

**"વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કૉન્ફરન્સથી ગુજરાતના ઔદ્યોગિક ઉત્કર્ષની નવી દિશા ખુલશે."**
**- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન

1થી 5 મે, 2026 | સવારે 10:00 થી સાંજે 5:30 વાગ્યા સુધી

વેબસાઇટ પર પહોંચવા માટે સ્કેન કરો

ભાગીદાર દેશ: Japan, Rwanda, Singapore, Ukraine

ભાગીદાર સંસ્થાઓ: JETRO, US-INDIA, AMCHAM INDIA, kotra

લોકેશન પર પહોંચવા માટે સ્કેન કરો

લાઇવ પ્રસારણ: CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat | vibrantgujarat | vibrantgujarat | vibrant_gujarat | vibrantgujarat

તંત્રી લેખ

# ભાજપ પંજાબની જવાબદારી રાઘવ ચઢ્ઢાને સોંપી શકે છે

આમ આદમી પાર્ટીની મુસીબતો ખાસ કરીને અરવિંદ કેજરીવાલની મુસીબતો દુર થવાની નામ નથી લેતી. તેમના વફાદાર કહેવાતા રાઘવ ચઢ્ઢા સહિતના સાથીઓએ પક્ષ છોડતાં તેમના સંગઠનને ફટકો વાગ્યો છે. અરવિંદ કેજરીવાલે તેમના વફાદારોને રોકવાના બદલે તેમની ટીકા કરવી શરૂ કરી છે. જે વ્યક્તિ દેશના વડાપ્રધાન બનવાનાં સપનાં જોતો હતો તેની આબરૂના લીરા ઉડી ગયા છે. કેજરીવાલ તેમના સાથીઓને આગળ વધવાના ચાન્સ નહોતા આપતા. કેજરીવાલ એટલે આમ આદમી પાર્ટી અને આમ આદમી પાર્ટી એટલે કેજરીવાલ એવું પ્રસ્થાપિત કરવામાં તે સફળ થયા હતા.

દિલ્હીમાં મળેલી હાર પછી કેજરીવાલની પનોતી બેઠી છે. દરેક દિશાએથી તેમને ફટકો પડી રહ્યો છે. તેમની કામ કરવાની સ્ટાઈલ 'સરમુખત્યારશાહી' થી ભરેલી દેખાતી હતી. આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાત સાંસદોએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. રાઘવ ચઢ્ઢા અને અન્ય સભ્યોએ જણાવ્યું કે પાર્ટી તેના મૂળ સિદ્ધાંતોથી ભટકી ગઈ છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આ રાજીનામાને અરવિંદ કેજરીવાલના નેતૃત્વ માટે મોટો ફટકો ગણાવ્યો છે. આમ આદમી પાર્ટીએ આ પગલાને 'વિશ્વાસઘાત' ગણાવ્યો છે અને ભાજપ પર પાર્ટીમાં ભાગલા પાડવાનો આરોપ લગાવ્યો છે. રાઘવ ચઢ્ઢાએ કેજરીવાલનું પાણી ઉતારી નાખ્યું છે. તેમના પર કરોડો રૂપિયા ખાઈને પક્ષ પલટો કરવાનો આરોપ લગાવાયો છે. કેજરીવાલ માટે આ અણધાર્યો ફટકો નથી કેમકે ચઢ્ઢા નારાજ ચાલતા હતા. સોશ્યલ નેટવર્ક પર અનેક અફવા ચાલે છે તેમાં એક વાત એવી પણ છે કે પૈસાના મામલામાં કેજરીવાલના લોકોએ તેમને ફટકાર્યા હતા જેના કારણે તેમની આંખમાં ઈજા પણ થઈ હતી. ચઢ્ઢાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે અરવિંદ કેજરીવાલના નેતૃત્વવાળી પાર્ટી તેના સિદ્ધાંતોથી ભટકી ગઈ છે. આમ આદમી પાર્ટીના અનેક કાર્યકરો રાજીનામું આપનાર નેતાઓના સંપર્કમાં હતા.

સોશ્યલ નેટવર્ક પર મુખ્યપ્રધાન રેખા ગુપ્તાએ કહ્યું કે આપની સ્થાપના 'ઈન્કિલાબ' ના નારા સાથે કરવામાં આવી હતી, પરંતુ હવે તેનો અંત અવિશ્વાસ અને છૂટાછેડામાં થઈ રહ્યો છે. તેમણે ઉમેર્યું, 'હવે તમારી પાર્ટીમાં માત્ર ભ્રષ્ટ લોકો જ રહ્યા છે, સામાન્ય માણસ નહીં.' બીજી તરફ, છછઁ એ સાત સાંસદોના રાજીનામાને 'પંજાબ સાથેનો વિશ્વાસઘાત' ગણાવ્યો છે અને ભાજપ પર કેન્દ્રીય એજન્સીઓના ડરનો ઉપયોગ કરીને આ વિભાજન કરાવવાનો આરોપ લગાવ્યો છે.

કેજરીવાલના સાથીઓને વધુ નારાજગી એ વાતની છેકે તેમના સાથીઓ પક્ષ છોડીને કોંગ્રેસમાં ગયા હોત તો ચાલત પણ જે પક્ષને કેજરીવાલ ભ્રષ્ટ કહેતા હતા તે ભાજપમાં જોડાઈ ગયા છે.

જ્યારે ભાજપે રાઘવ ચઢ્ઢાને સિક્યોરીટી આપી તે દિવસે જ કેજરીવાલે સમજવાની જરૂર હતી કે ભાજપના નેતાઓ કળા કરી રહ્યા છે.

રાજકીય પક્ષ ચલાવવો બહુ આસાન નથી હોતો. એક તરફ પંજાબમાં વિધાનસભાનો જંગ આવી રહ્યો છે ત્યારે પંજાબમાં પ્રભાવી ગણાતા રાઘવ ચઢ્ઢાનું ભાજપ સાથે જોડાણ કેજરીવાલને ચક્કર લાવી દેશે. કેજરીવાલની વ્યૂહરચનાઓથી રાઘવ ચઢ્ઢા અને તેમની સાથે રાજીનામું આપનારા સાથીઓ માહિતગાર છે. ભાજપ તેમનો લાભ ઉઠાવીને પંજાબને ડામાડોળ કરશે તે નક્કી છે.

રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ આમ આદમી પાર્ટી છોડી દીધી છે. તેમણે જણાવ્યું કે પાર્ટી તેના મુખ્ય મૂલ્યોથી દૂર થઈ ગઈ છે. ચઢ્ઢાએ દાવો કર્યો કે સાત સાંસદો ભાજપમાં જોડાયા છે. તેમણે કથિત ભવ્ય ખર્ચ મામલે પણ પાર્ટીની ટીકા કરી હતી. પૂર્વમુખ્યમંત્રી આતિશીએ આ દાવાઓને નકારી કાઢ્યા હતા.

આમ આદમી પાર્ટી હવે એવા ખોટા રસ્તે ચાલી રહી છે કે જેની સાથે કોઈ જોડાવા માંગતું નથી. પરિણામે, એક પછી એક અનેક નેતાઓએ આમ આદમી પાર્ટી છોડી દીધી છે.'

**લાન્સેન્ટનો અહેવાલ જણાવે છે કે, 2023માં જ દુનિયાભરમાં 3.77 લાખ બાળકોના કેન્સરના કારણે મોત થયા હતા. બીજી તરફ 2023માં જ દુનિયાભરમાં બાળકોના કેન્સરના 1.45 લાખ જેટલા નવા કેસ પણ નોંધાયા હતા. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ પ્રમાણે દુનિયામાં દરરોજ 1000થી વધારે બાળકોને કેન્સર થયાનું નિદાન થાય છે : વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા પ્રમાણે 2023માં અંદાજે 46000 બાળકોનાં મોત લ્યુકેમિયાના કારણે થયા હતા. બીજી તરફ મગજ અને ચેતાતંત્રના કેન્સરના કારણે 23,200 બાળકોએ જીવ ગુમાવ્યા હતા. વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો બાળકોમાં આવતા કેસ, તેના કારણે થતાં બાળકોના મોતની સરેરાશ પણ વિરોધાભાસી છે**

# ભારતમાં દર વર્ષે 17,000 બાળકોના કેન્સરથી મોત થાય છે

## ગરીબ અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં બાળકોમાં કેન્સરથી થતાં મોત 94 ટકા અને નવા કેસની સંખ્યા 82 ટકા સુધી છે



સરેરાશ જોઈએ તો 1990 થી 2023 દરમિયાન થતા બાળકોના મોતનાં આંકડામાં 27 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જાણકારો માને છે કે, આ ચાર દાયકા દરમિયાન મેડિકલ સાયન્સ દ્વારા અદ્વિતિય પ્રગતિ સાધવામાં આવી છે. નવી સુવિધાઓ અને ચિકિત્સા પદ્ધતિને કારણે વિકસિત દેશોમાં બાળકોનો કેન્સરથી મૃત્યુદર ઘટયો છે ત્યાં આફ્રિકા અને તેની આસપાસના વિસ્તારોમાં આજે પણ આ મૃત્યુદર 55 ટકાથી વધારે છે

બાળકો, કિશોરો અને યુવાનો કોઈપણ દેશના ભવિષ્યના નિર્માતા ગણાય છે. તેમને આપવામાં આવતી તમામ સુવિધાઓ, શિક્ષણ, આરોગ્ય કે પછી ઉચ્ચ શિક્ષણ અથવા તો રોજગાર તે દેશના નિર્માણ માટે કરવામાં આવતી કામગીરી કે પછી ઈન્વેસ્ટમેન્ટ જેવા હોય છે. આજનું બાળપણ સાવ વીખરાઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વૈશ્વિક પરિસ્થિતિ, ખરાબ ખાનપાન, સ્વાસ્થ્ય સેવાઓમાં વિસંગતતા, અપૂરતી સારવાર અને દવાઓના અભાવ તથા સરકારની નિરસતાના કારણે બાળકો કેન્સર જેવા જીવલેણ રોગના ભરડામાં આવી રહ્યા છે. થોડા સમય પહેલાં ધ લેન્સેટમાં રજૂ થયેલા ગ્લોબલ બર્ડન ઓફ ડિસિઝ નામના અહેવાલમાં જણાવાયું હતું કે, મધ્યમ અને ઓછી આવક ધરાવતા દેશોમાં બાળકોમાં કેન્સરના કેસ સતત વધી રહ્યા છે. તેના કારણે બાળકોના જીવને મોટું જોખમ આવી ગયું છે.

જાણકારો માને છે કે, બદલાયેલી જીવનશૈલી, કુદરતી ફેરફારો, પ્રદુષણ અને આપણી વ્યવસ્થાઓના કારણે બાળકોના સ્વાસ્થ્યને ગંભીર અસર થઈ રહી છે. અહેવાલો જણાવે છે કે, અસમાનતા અને અવ્યવસ્થાના કારણે ગરીબ દેશો, ઓછી આવક ધરાવતા દેશો અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં બાળકોમાં કેન્સરથી થતા મોત ૯૪ ટકા અને નવા કેસની સંખ્યા ૮૫ ટકા સુધી છે. આ દેશોમાં સંસાધન, સારવાર અને સુવિધા તથા જીવનશૈલી અને પૈસાના અભાવના કારણે નિર્દોષ બાળકો મોતને ભેટે છે. ભારત પણ તેમાંથી બચી શકે તેમ નથી. ભારતમાં દર વર્ષે ૧૭,૦૦૦ બાળકોના કેન્સરના કારણે મોત થાય છે. કેન્સર સામેનો આ જંગ માત્ર વ્યક્તિગત નહીં પણ આર્થિક સ્થિતિ અને વ્યવસ્થા સામેનો પણ જંગ છે. ભારતમાં પણ સંસાધન, સુવિધા અને આર્થિક બાબતોમાં વિસંગતતા છે અને તેના કારણે બાળકો આ જીવલેણ રોગનો ભોગ બની રહ્યા છે.

બાકીના દેશોની વાત કરીએ તો ત્યાં સ્થિતિ સાવ કથળેલી છે. યોગ્ય સારવાર નથી, સુવિધા નથી અને ખાસ કરીને લોકો પાસે એટલા પૈસા જ નથી કે તેઓ સંતાનોની સારવાર કરાવી શકે. તેના કારણે બાળકોનો ભોગ વધારે લેવાય છે. લાન્સેન્ટનો અહેવાલ જણાવે છે કે, ૨૦૨૩માં જ દુનિયાભરમાં ૩.૭૭ લાખ બાળકોના કેન્સરના કારણે મોત થયા હતા. બીજી તરફ ૨૦૨૩માં જ દુનિયાભરમાં બાળકોના કેન્સરના ૧.૪૫ લાખ જેટલા નવા કેસ પણ નોંધાયા હતા. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ પ્રમાણે દુનિયામાં દરરોજ ૧૦૦૦થી વધારે બાળકોને કેન્સર થયાનું નિદાન થાય છે. તેમાંથી વધુ આવક ધરાવતા દેશો અને આધુનિક દેશોમાં ૮૦ ટકા બાળકોનો બચાવ થાય છે જ્યારે ઓછી આવક ધરાવતા અથવા તો મધ્યમ આવક ધરાવતા દેશોમાં માત્ર ૨૦ ટકા બાળકો જ બચી શકે છે. આ આંકડા જણાવે છે કે, વૈશ્વિક સ્તરે બાળકોમાં વધી રહેલા કેન્સરના કિસ્સા માત્ર એક મેડિકલ ઈમર્જન્સી નહીં પણ સ્વાસ્થ્ય સેવાઓ અને આર્થિક વ્યવસ્થામાં રહેલી નબળાઈઓ તથા સામાજિક-આર્થિક અસમાનતાઓનું પણ પ્રતિબિંબ છે. ઉલ્લેખનીય છે કે, ભારત માટે પણ આ સ્થિતિ ખૂબ જ ગંભીર અને જટિલ છે. એક તરફ મેડિકલ સાયન્સ સતત પ્રગતિ કરી રહ્યું છે અને અદ્વિતિય સંશોધનો થઈ રહ્યા છે અને ત્યાં બીજી તરફ આધુનિક ઉપચાર, દવાઓ, સુવિધા કેન્દ્રો કે હોસ્પિટલો લાખો લોકો સુધી પહોંચ્યા જ નથી કે લોકોને પોસાય તેમ પણ નથી. દેશના મોટા મોટા શહેરોમાં આધુનિક હોસ્પિટલો અને કેન્સર સારવાર કેન્દ્રો છે પણ ગ્રામ્ય વિસ્તારોમાં, આંતરિયાળ વિસ્તારોમાં આ સુવિધાઓ પહોંચી જ નથી. જ્યાં આવી સેવાઓ છે તે માત્ર ગણતરીની કહી શકાય તેવી છે. તેનું પરિણામ એ આવે છે કે, આવા વિસ્તારોમાં બાળકો સુધી સારવાર પહોંચી શકતી જ નથી અને બાળકો પણ હોસ્પિટલો સુધી જઈ શકતા નથી. તેના કારણે તેમની હાલત ખરાબ થાય છે. આ સિવાય ગ્રામ્ય વિસ્તારો અને અંતરિયાળ વિસ્તારોમાં નિદાનની સ્થિતિ પણ નબળી છે તેથી જ્યારે બાળકને કેન્સરનું નિદાન થાય છે ત્યારે તે અંતિમ ચરણે જ હોય છે. તેના કારણે જ વિકસિત દેશોની સરખામણીએ ભારતમાં કેન્સરથી પીડાતા બાળકોના જીવતા રહેવાનો દર ઘણો ઓછો છે.

ચિંતાજનક બાબત એવી પણ છે કે, બાળકોમાં આવા રોગથી મોતનું પ્રમાણ ઘણું ઉંચું જઈ રહ્યું છે. લાન્સેટનો અહેવાલ જણાવે છે કે, ૨૦૨૩માં બાળકોના જે મોત થયા તેમાં કેન્સર આઠમું મોટું કારણ હતું. બિમારીની દ્રષ્ટીએ વિચારીએ તો આ કારણ સૌથી મોટું હતું. ડિસેબિલિટી-એડજસ્ટેડ લાઈફ ઈયર્સના સંદર્ભે પણ જોઈએ તો તે દસમું મોટું કાણ હતું. આ અહેવાલ જણાવે છે કે, દર વર્ષે બાળકની જિંદગીનું એક સામાન્ય વર્ષ છિનવાઈ જાય છે. તેના કારમે બાળકના સ્વસ્થ, સક્રિય અને ઉપયોગી સમયનો વ્યય થાય છે. આ એવી બાબત છે જેની લાંબાગાળાની સામાજિક અને આર્થિક અસરો ગંભીર રીતે જોવા મળે છે. ભારતની વાત કરીએ તો બાળકોમાં વધી રહેલા કેન્સરના કિસ્સા અથવા તો તેની સારવારનો અભાવ માત્ર ચિકિત્સા સાથે જોડાયેલા છે તેવું નથી. ભારતમાં બીજી સમસ્યા એ છે કે, કેન્સરની સારવાર અત્યંત ખર્ચાળ છે અને તેની સામે મોટાભાગના પરિવારો પાસે વીમો હોતો નથી કે આર્થિક સગવડો પણ હોતી નથી. તેના કારણે ઘણા કિસ્સામાં સારવાર અધુરી રહી જાય છે કે છોડી દેવી પડે છે કે પછી સારવાર મળી શકતી જ નથી અને બાળક મોતના મુખમાં ધકેલાઈ જાય છે. ઘણા કિસ્સામાં પ્રારંભિક લક્ષણોની સામાન્ય બિમારી સમજીને અવગણના કરવામાં આવે છે તેના કારણે ચોક્કસ નિદાનમાં મોડું થાય છે અને સારવારની શક્યતાઓ ઘટતી જાય છે. બીજી તરફ સ્વાસ્થ્ય વ્યવસ્થાનું માળખું પણ ડોહળાયેલું અને વિખરાયેલું છે. આજે પણ ભારતમાં ઘણા ગામડાઓ અને અંતરિયાળ વિસ્તારોમાં યોગ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો જ નથી. જ્યાં આવા કેન્દ્રો છે ત્યાં જાણકારો ડોક્ટરો અને અન્ય શારીરિક તપાસની વ્યવસ્થાનો અભાવ છે. તે ઉપરાંત જાણકારોની અછત, હોસ્પિટલોની અછત અને હોસ્પિટલ મોકલવા સુધીની કામગીરીમાં પણ બેદરકારી અને અયોગ્ય વ્યવસ્થાના કારણે બાળકોને સારવાર મળતી નથી. અપૂરતી અને અયોગ્ય સુવિધાઓના કારણે બાળકો મોટી હોસ્પિટલો સુધી પહોંચી શકતા જ નથી.

જાણકારો માને છે કે, માત્ર સ્વાસ્થ્ય સેવાઓ આપી દેવાથી આ જીવલેણ રોગથી બચી જવાશે કે બાચવી શકાશે તેવું નથી. તેના માટે મલ્ટિપલ લેવલે કામ કરવું પડશે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આ દિશામાં મહત્ત્વની કામગીરી કરવા માટે થઈને એક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગ્લોબલ ચાઈલ્ડહુડ કેન્સર ઈનિશિયેટિવ દ્વારા આ દિશામાં એક મહત્ત્વની કામગીરી કરવામાં આવી રહી છે. તેનો ઉદ્દેશ ૨૦૩૦ સુધીમાં કેન્સરથી પીડિતા બાળકોની બચવાની શક્યતાઓ ૬૦ ટકા સુધી લઈ જવાનો ટાર્ગેટ કરવામાં આવ્યો છે. સમયસર નિદાન, સસ્તી દવાઓ, દવાઓની ઉપલબ્ધતા, તાલિમબદ્ધ સ્વાસ્થ્યકર્મીઓની સંખ્યામાં વધારો, જાણકાર ડોક્ટરોની સંખ્યામાં વધારો અને અન્ય સુવિધાઓ વધારીને સમગ્ર સ્વાસ્થ્ય તંત્રને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ મુદ્દે સૌથી પહેલાં જનજાગૃતિ લાવવાની પણ તાકીદે જરૂર છે.

લોકોને, શિક્ષકોને, માતા-પિતાને આવા રોગના પ્રારંભિક લક્ષણો જાણવા અને તેને સમજવાનું શિક્ષણ આપવાની જરૂર છે. આ ઉપરાંત પ્રાથમિક સારવાર કેન્દ્રો વધારે સક્ષમ, સુવિધાસભર અને લોકોપયોગી બનાવવા જોઈએ. તેનાથી પણ વધારે સામાજિક અને આર્થિક અસમાનતાને દૂર કરવાના પ્રયાસ કરવા જોઈએ જેથી લોકોને યોગ્ય રીતે સારવાર અને સુવિધાઓ મળી રહે.

જાણકારો માને છે કે, જેમ યુવાનો અને તેનાથી વધારે ઉંમરના લોકોમાં જે રીતે જીવનશૈલી અને ખાનપાનની ખોટી આદતોના કારણે કેન્સર થતું હોય છે તેવું બાળકોમાં વધારે જોવા મળતું નથી. બાળકોમાં કેન્સરના કેસ વધવાનું કારણ જીવનશૈલા કરતા જિનેટિકલ ખામીઓ અને વારસાગત બાબતો વધારે ગંભીર છે.

બાળકોમાં સૌથી વધારે લ્યુકેમિયાના કેસ જોવા મળે છે. બ્લડ કેન્સરના કેસમાં સૌથી વધારે બાળકોએ જીવ ગુમાવ્યાના દાખલા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા પ્રમાણે ૨૦૨૩માં અંદાજે ૪૬૦૦૦ બાળકોનાં મોત લ્યુકેમિયાના કારણે થયા હતા. બીજી તરફ મગજ અને ચેતાતંત્રના કેન્સરના કારણે ૨૩,૨૦૦ બાળકોએ જીવ ગુમાવ્યા હતા. વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો બાળકોમાં આવતા કેસ, તેના કારણે થતાં બાળકોના મોતની સરેરાશ પણ વિરોધાભાસી છે.

અહેવાલો જણાવે છે કે, વર્ષ ૧૯૯૦ની સરખામણીએ ૨૦૨૩માં કેન્સરના કારણે થતા બાળકોના મોતના કેસ ઘટયા છે. સરેરાશ જોઈએ તો ૧૯૯૦થી ૨૦૨૩ દરમિયાન થતા બાળકોના મોતનાં આંકડામાં ૨૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જાણકારો માને છે કે, આ ચાર દાયકા દરમિયાન મેડિકલ સાયન્સ દ્વારા અદ્વિતિય પ્રગતિ સાધવામાં આવી છે. નિદાન અને સારવારની અત્યાધુનિક પદ્ધતિઓના વિકાસના કારણે બાળકોના સ્વાસ્થ્યમાં સુધારો થયો છે અને તેના મૃત્યુ આંકમાં વ્યાપક ઘટાડો થયો છે.

બીજી તરફ નજર કરીએ તો ખ્યાલ આવશે કે આ જે સુધારો થયો છે અને હકારાત્મક ફેરફાર દેખાઈ રહ્યા છે તે માત્ર વિકસિત દેશોમાં કે પછી ઉંચી આવક ધરાવતા દેશોમાં જ જોવા મળી રહ્યા છે.

ગરીબ દેશો, ઓછી આવક ધરાવતા દેશો કે પછી મધ્યમ આવક ધરાવતા દેશોની સ્થિતિમાં તો આજે પણ ખાસ સુધારો થયો નથી. નવી સુવિધાઓ અને ચિકિત્સા પદ્ધતિને કારણે વિકસિત દેશોમાં બાળકોનો કેન્સરથી મૃત્યુદર ઘટયો છે ત્યાં આફ્રિકા અને તેની આસપાસના વિસ્તારોમાં આજે પણ આ મૃત્યુદર ૫૫ ટકાથી વધારે છે. આ અસમાનતા અને વિડંબણા વૈશ્વિક સ્વાસ્થ્ય સુવિધા અને તેની વહેંચણીની મોટી નિષ્ફળતા રજૂ કરે છે.

# આપના બળવા પછી રાજકારણ આક્રમક બન્યું




પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપે ફરીથી એક વખત પોતાની સત્તા વધારવાની રણનીતિ તૈયાર કરી છે. આમ આદમી પાર્ટીમાં થયેલા બળવા પછી ભાજપ વધુ આક્રમક બન્યો છે. પક્ષની નજર હવે કોંગ્રસ અને આપના નારાજ નેતાઓ પર હોવાથી વિરોધ પક્ષનું ટેન્શન વધ્યું છે. પંજાબમાં ૨૦૨૨ પહેલા ભાજપએ શિરોમણી અકાલી દળ સાથે ગઠબંધનમાં રહીને ત્રણ વખત સરકાર સાથે ભાગીદારી કરી હતી. આજ ટ્રેન્ડનું પુનરાવર્તન ભાજપ ફરીથી કરવાની તૈયારીમાં છે. પંજાબમાં ફેબુરઆરી ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણી છે. વિરોધપક્ષના નારાજ થયેલા નેતાઓનો પ્રોફાઈલ તૈયાર કરવામાં આવે છે અને એમનું બેકગ્રાઉન્ડ તપાસવામાં આવે છે. ભાજપના નેતાઓ એમ કહે છે કે તેઓ કોઈપણ નેતાઓને ભાજપમાં જોડાવા માટે દબાણ કરતા નથી. જોકે જે રીતે વિરોધી નેતાઓને ત્યાં ઈડીની તપાસ પછી તેઓ ભાજપમાં જોડાય જાય છે એ કંઈક અલગ જ સૂચવે છે.

ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાં એક સગીર છોકરીની હત્યા પછી કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીએ સરકારની આકરી ટીકા કરી હતી. એમના કહેવા પ્રમાણે રાજ્યમાં મહિલાઓ પર થતા અત્યાચાર ચરમસીમાએ છે. પ્રિયંકા ગાંધીએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, 'ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાં એક છોકરીની હત્યાના કેસમાં પહેલા ફરિયાદ લેવામાં આનાકાની કરવામાં આવી હતી. ત્યાર પછી પીડિત કુટુંબોને ધમકાવવામાં આવ્યા હતા. ગુંડાઓ દ્વારા ફેલાવવામાં આવેલી અરાજકતા જોઈને લાગે છે કે પ્રદેશમાં મહિલાઓ પર અત્યાચાર ચરમસીમાએ છે. ભાજપના રાજમાં જ્યારે પણ કોઈ મહિલા પર અત્યાચાર થાય છે ત્યારે પીડિતને જ વધુ હેરાન કરવામાં આવે છે. મહિલાઓ માટે વડાપ્રધાન મોટી મોટી વાતો કરે છે જે ફક્ત દેખાડો છે.'

કેરળના પ્રસિદ્ધ શબરીમાલા મંદરિ પાસે ભારતીય તટરક્ષક (આઈસીજી)નું હેલીકોપ્ટર ખુબ જ ઓછી ઉંચાઈએ ઉડયુ હતું. આ બાબતે તપાસ થઈ રહી છે. ઘટના સંદર્ભે એડીજીપી એસ શ્રીજીતએ શરૂઆતનો રીપોર્ટ ઉપરીને સોપ્યો છે. આઈસીજીનું હેલીકોપ્ટર મંદિરની ખુબ જ નજીકથી ઓછી ઉંચાઈએ ઉડતું જોવામાં આવ્યું હતું. ત્યાર પછી પોલીસે કેસ દાખલ કરીને તપાસ શરૂ કરી હતી. આઈસીજીના કહેવા પ્રમાણે આ વિસ્તારમાં વધુ વાદળો અને ખરાબ હવામાનને કારણે હેલીકોપ્ટર રસ્તો ભૂલી ગયું હતું અને પંબા પહાડીઓ પરથી પસાર થયું હતું. કેરળ હાઈકોર્ટે આ બાબતે રીપોર્ટ માગ્યો હતો. રીપોર્ટમાં પણ કહેવામાં આવ્યું છે કે હેલીકોપ્ટર કેટલાક મકાનોની વચ્ચેથી પસાર થયું હતું જેને કારણે અકસ્માત થવાની સંભાવના હતી.

ચૂંટણી કમિશને પશ્ચિમ વિધાનસભા ચૂંટણી દરમિયાન ગંભીર ગેરરીતિ તેમજ પક્ષપાત કરવા માટે છ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા છે. આ તમામ અધિકારીઓ પર શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. સસ્પેન્ડ થયેલા અધિકારીઓમાં આઈપીએસ સહિત એસડીપીઓનો સમાવેશ પણ થાય છે. ચૂંટણી કમિશનના આ નિર્ણયથી તૃણમુલ કોંગ્રેસના નેતાઓ નારાજ થઈ ગયા છે. સંદીપ સરકાર, સંદીપ ગરાઈ, સાજન મંડલ, મૌસમ ચક્રવર્તી, અજય બાગ અને શુભેચ્છા બાગ સામે ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. સંદીપ ગરાઈ બાબતે ગૃહમંત્રાલય અને એમના કેડરને પણ એક રીપોર્ટ મોકલવામાં આવ્યો છે. ચૂંટણી કમિશનના આ નિર્ણયથી પશ્ચિમ બંગાળના પોલીસ અધિકારીઓમાં ડર જોવા મળી રહ્યો છે.

તેંલગાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવના પુત્રી અને બીઆરએસના ભૂતપૂર્વ નેતા કે કવિતાએ પોતાની પાર્ટી લોન્ચ કરી છે. કે કવિતાના પક્ષનું નામ તેંલગાણા રાષ્ટ્ર સેના છે. થોડા મહિના પહેલા કવિતાને એમના પિતાએ જ બીઆરએસ પક્ષમાંથી કાઢી મૂક્યા હતા. કે કવિતાના નવા પક્ષનું લોંચીગ હૈદ્રાબાદમાં થયું હતું. ખાસ વાત એ છે કે બીઆરએસનું જૂનુ નામ પણ ટીઆરએસ એટલે કે (તેંલગાણા રાષ્ટ્ર સમિતિ) હતું. જે પાછળથી બદલીને બીઆરએસ (ભારત રાષ્ટ્ર સમિતિ) કરવામાં આવ્યું હતું. નવા પક્ષની શરૂઆત પહેલા કે કવિતાએ તેંલગાણાને અલગ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સાથે ૧૯૬૯ના આંદોલન દરમિયાન મૃત્યુ પામનારાઓને શ્રદ્ધાંજલી આપી હતી. કે કવિતાએ તેંલગાણાની અસ્મિતા પર ધ્યાન આપીને પ્રચાર શરૂ કર્યો છે. જોકે તેંલગાણામાં કે કવિતાને કોઈ ઝાઝુ મહત્વ મળતું નથી.

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ પર બનાવવામાં આવેલી ડોક્યુમેન્ટરી સિરિઝ 'લોરેન્સ ઓફ પંજાબ' પર કેન્દ્ર સરકારે પ્રતિબંધ મૂકી દીધો છે. સરકાર તરફથી ઓટીટી પ્લેટફોર્મ ઝી-૫ને ઔપચારીક રૂપે સલાહ આપવામાં આવી છે કે આ ડોક્યુ-સિરિઝને અટકાવી દેવામાં આવે. સિરિઝની વાર્તા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને હીરો તરીકે ચીતરતી હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સિરિઝના ટીઝર - ટ્રેલર રિલિઝ થયા પછી તરત જ વિવાદ થયો હતો. પંજાબ કોંગ્રેસના પ્રમુખ અમરિંદર સિંહ રાજા વારીંગએ આ બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. પંજાબ પોલીસે પણ આ સિરિઝને અટકાવી દેવા માટે અપીલ કરી હતી. લોરેન્સ બિશ્નોઈના પિતરાઈ ભાઈએ તેમજ કુટુંબે પણ આ સિરિઝ બાબતે વિરોધ નોંધાવ્યો હતો અને ડાયરેક્ટરની ટીકા કરી હતી.

દક્ષિણ રેલવેના સલેમ ડિવિઝનમાં મહિલા સહાયક લોકો પાયલટએ શોષણનો આરોપ મૂક્યો હતો. એમણે મુખ્ય લોકો નીરિક્ષક પર કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. આ ઘટના ગયા વર્ષે ૧૩મી સપ્ટેમ્બરે એક પરીક્ષા દરમિયાન બની હતી. મહિલાની પ્રારંભિક ફરિયાદ પછી આંતરીક ફરિયાદ સમીતિએ આરોપી અધિકારીની ફક્ત બદલી કરીને ચેતવણી આપી હતી. આંતરીક શિકાયત કમિટીએ મહિલાનું નિવેદન નોંધીને કહ્યું હતું કે, 'મુખ્ય લોકો ઈન્સ્પેક્ટર ટીટી સેલવરાજએ એને માથે, ખભા પર જાંઘ, અને હોઠ પર અડયુ હતું.' જોકે મહિલાએ સલેમ મંડળ રેલવે પ્રબંધકને અપીલ કરતા કહ્યું હતું કે, 'આ ઘટના ફક્ત શરીરના સંપર્કની નહોતી. બીએનએસની કલમ ૭૪ અને ૭૫ હેઠળ ગંભીર ઉત્પીડન અને મારી મર્યાદા ભંગ કરવાના ઈરાદે કરવામાં આવેલો હુમલો હતો.' મહિલાની અપીલ માન્ય રાખીને છેવટે તપાસ ખાસ કમીટીને સોંપવામાં આવી હતી. મહિલાને હવે ખાતરી છે કે સાત મહિના પછી એને ન્યાય મળશે.

# વૃદ્ધાશ્રમનો પત્ર:પ્રેમ કે અહંકાર? "સંતાન નહીં, સંસ્કાર:" "વ્રજની ચરણરજ અને વૃદ્ધાવસ્થાનો સાચો આધાર



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



રેલ્વે સ્ટેશન પર ચા વેચતો એક વૃદ્ધ. ટ્રેનનો ફેરો પૂરો કરી પોતાની ઝૂંપડીમાં પાછો ફરે. વૃદ્ધ પત્ની બીજી કીટલી તૈયાર કરે. બંને નિસાસો નાખે: "આપણને એક સંતાન હોત તો આ ઉંમરે મજૂરી ન કરવી પડત."નિ:સંતાન હોવાનું દુ:ખ આંખોમાં આંસુ લાવી દે.

પણ એ જ પ્લેટફોર્મ પર બીજું વૃદ્ધ દંપતી સવારથી સાંજ સુધી બેન્ચ પર બેઠું છે. બે પુત્રો છે, છતાં કોઈ લેવા આવતું નથી. હાથમાં પત્ર છે. ચાવાળો વૃદ્ધ વાંચે છે: _"આ મારા માતા-પિતા છે. જે કોઈ આ પત્ર વાંચે, કૃપા કરીને તેમને નજીકના વૃદ્ધાશ્રમ માં મોકલી આપશો."એક પાસે સંતાન નથી એટલે મજૂરી, બીજા પાસે બે સંતાન છે છતાં તરછોડાયેલા. ત્યારે સવાલ થાય: વૃદ્ધાવસ્થાનો સાચો આધાર શું? સંતાનની સંખ્યા કે સંસ્કારની ગુણવત્તા?

સંપત્તિ નહીં,સંસ્કારનો વારસો આપણે બાળકોને કાર, બંગલા, બેંક બેલેન્સ આપીએ કે ન આપીએ,સૌથી પહેલાં આપવાનું છે સારા મૂલ્યો. ધન વારસામાં મળે, પણ દયા, કૃતજ્ઞતા અને જવાબદારી શીખવવી પડે. જે ઘરમાં માતા પિતા પૂજાય,એ ઘરમાં વૃદ્ધાશ્રમ ના પત્રો લખાતા નથી.

ગોપીભાવ: પ્રેમનું પરમ ઐશ્વર્ય ગોપી કવળ પ્રભુના પ્રેમને નહીં, પ્રભુને જ હૃદયમાં ગુપ્ત રાખે છે. એટલે ગોપીઓ સિવાય કોઈપ્રભુ સ્વરૂપને ઓળખી શક્યું નહીં.

ગોપી કોણ? જે પ્રત્યેક ઈન્દ્રિયને પ્રભુ સાથે પરણાવે તે ગોપી. ગોપી એ સર્વ સમર્પણ ભાવનું પ્રતીક છે.

ગોપી વૈકુંઠ કરતાં વ્રજને શ્રેષ્ઠ ગણે છે.કારણ કે વ્રજમાં શ્રી કૃષ્ણને રમાડી શકાય, નચાવી શકાય, રિસાઈ શકાય, મનાવી શકાય.વૈકુંઠમાં ઐશ્વર્યનું સામ્રાજ્ય છે,વ્રજમાં પ્રેમનું. ગોપીને મન પ્રેમ જ પરમ ઐશ્વર્ય છે. બીજા કોઈ ઐશ્વર્યનું એને મન કોડી જેટલું મૂલ્ય નથી.

લક્ષ્મીજી પણ પ્રભુની ચરણરજ પામવા વ્રજની વૃક્ષલતાનાં પાંદડે પાંદડે પથરાઈ ગયાં. વૈકુંઠમાં એ ચરણરજ નથી મળતી. વ્રજમાં પ્રભુ ઊઘાડે પગે દોડે છે.વ્રજરજ માં જ પ્રભુની ચરણરજ પ્રાપ્યછે

વિરહમાં પણ સમર્પણ:ગોપીગીત નો મર્મ વિયોગનું દુ:ખ ઓછું કરવા ગોપીઓ પ્રભુના ગુણ ગાય છે. એમને મરવાની બીક નથી. મરવાથી તો પ્રભુચરણમાં સ્થાન નિશ્ચિત છે.બીકએ વાત ની છે કે લોકમાં શ્રીકૃષ્ણની અપકીર્તિ થશે.નિજનું મોત ખમાશે,પણશ્રી કૃષ્ણની અપ કીર્તિ નહીં ખમાય.હૈયાફાટ વેદના સાથે ગોપીઓ વૃક્ષલતાને અને તુલસીને પૂછે છે:"મારા શ્રીકૃષ્ણ ક્યાં?"_ પ્રભુચરણનો અંગૂઠો પ્રભુ પોતે બાળસ્વરૂપે મોંમાં મૂકીને ચૂસે છે,તો એ ચરણ પાછળ ગોપી ઓ પાગલ બને એમાં નવાઈ શું?

એક એક ગોપી ગોપીગીતનોએક એક શ્લોક બોલે છે.વિરહને કારણે એક જ ભાવમાં,એક જ છંદમાં, એક જ સ્વરમાં બધી ગોપીઓ ગાય છે:

"તમારું પ્રાગટ્ય થયું ત્યારથી વ્રજની શોભા વધી છે.લક્ષ્મીજી પણ તમારા પદરજના લોભે વ્રજની વૃક્ષલતાને પાંદડે આશ્રય લઈ રહ્યા છે.જ્ઞાની પુરુષોને મન તમે દૃષ્ટા ભલે હો,પણ અમારે મન તો તમે દૃશ્ય છો. માટે અમે તમારાં દર્શન ઝંખીએ છીએ. અમે તમારાં છીએ, તમારા લીધે છીએ, તમારા માટે છીએ! અમે તમારી'બિન મોલકી ચેરી' છીએ. તમે નેત્રો વડે અમારો વધ કરોછો શસ્ત્રથી કરેલો વધ કહેવાય,તો નેત્રથી કરેલો કેમ ન કહેવાય?હે પ્રભુ, કાલિયનાગથી, અઘાસુરથી, ઈન્દ્રના કોપથી, વર્ષા થી, વીજળી થી, દાવાનળથી તમે અમારું રક્ષણ કર્યું. પણ એ બધા અસુરો ના ભય કરતાં આજનો આ વિરહાસુર અમને વધારે પીડે છે. અમને એનાથી બચાવો."

ચાવાળા વૃદ્ધ પાસે સંતાન ન હતું, પણ સંતોષ હતો. પેલા દંપતી પાસે બે પુત્રો હતા, પણ પ્રેમ ન હતો. ગોપીઓ પાસે વૈકુંઠનું ઐશ્વર્ય ન હતું, પણ વ્રજની ચરણરજ હતી.જીવન નો સાર એટલો જ: ઐશ્વર્ય ભલે ન હોય, પણ હૃદયમાં પ્રેમ અને સંસ્કારનું સામ્રાજ્ય હોવુંજોઈએ કારણકે વૃદ્ધાશ્રમના પત્રો સંતાનો લખે છે,સંસ્કાર નહીં.પ્રભુની ચરણરજ મહેલમાં નહીં, સમર્પણમાં મળે છે.સંતાન ઉછેરતી વખતે એમને ધનવાન નહીં, ગુણવાન બનાવો. કારણ કે ઘડપણમાં કીટલી ઊંચકવી પડે એ જુદી વાત છે,પણ હૈયું ઊંચકીને વૃદ્ધાશ્રમના દરવાજે મૂકી દેવાય એ અસહ્ય છે.

# મુંબઈ ઈન્ડિયન્સની વધુ એક હાર, સનરાઈઝર્સ હૈદરાબાદનો 6 વિકેટે વિજય

## રિકલ્ટનની સદી બેકાર ગઈ, હૈદરાબાદે હેડ, ક્લાસેનની અર્ધ સદીની મદદથી મુંબઈ ઈન્ડિયન્સને હરાવ્યું






**મુંબઈ, તા.30**

ટ્રેવિસ હેડ અને હેનરિક ક્લાસેનની તોફાની અર્ધી સદી તેમજ અભિષેક શર્મા અને સલીલ અરોરાની આક્રમક બેટિંગન સહારે સનરાઈઝર્સ હૈદરાબાદે મુંબઈ ઈન્ડિયન્સને હાઈ સ્કોરિંગ મેચમાં છ વિકેટે પરાજય આપ્યો હતો. મુંબઈએ પ્રથમ બેટિંગ કરતાં રિકલ્ટનના અણનમ ૧૨૩ રનની મદદથી ૨૦ ઓવરના અંતે ૫ વિકેટના ભોગે ૨૪૩ રનનો જંગી સ્કોર કર્યો હતો. જેના જવાબમાં હૈદરાબાદે 18.4 ઓવરમાં 4 વિકેટ ગુમાવી લક્ષ્યાંક મેળવી લીધો હતો. ટોસ જીતી પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સના ઓપનર વિલ જેક્સ અને રિયાન રિકલ્ટને તોફાની શરૂઆત કરતાં પાવરપ્લેમાં વિના વિકેટે 78 રન જોડી દીધા હતા. પાવરપ્લે બાદ પણ બંને ઓપનર તોફાની બેટિંગ કરી રહ્યા હતા.

હૈદરાબાદને સફળતા મળી રહી નહોતી ત્યારે કેપ્ટન કમિન્સે બોલિંગમાં બદલાવ કરી નિતિશકુમાર રેડ્ડીને બોલિંગ આપી હતી. તેણે કેપ્ટનનો ભરોંસો જીતતાં આઠમી ઓવરના પ્રથમ બોલે જ વિલ જેક્સને અંગત 46રને આઉટ કર્યો હતો. જ્યારે સૂર્યકુમાર યાદવ પણ માત્ર 5 રન બનાવી આઉટ થઈ ગયો હતો. રિયાન રિકલ્ટને ત્યારબાદ નમન ધીર સાથે 55 રનની અને હાર્દિક પંડ્યા સાથે 56 રનની ભાગીદારી નોંધાવી ટીમનો સ્કોર 200 રનની પાર પહોંચાડી દીધો હતો. આ દરમિયાન રિકલ્ટને પોતાની સદી પણ પૂર્ણ કરી હતી. હાર્દિક 31 રન બનાવી આઉટ થયા બાદ તિલક વર્મા 7 રને પેવેલિયન પરત ફર્યો હતો. રિકલ્ટને અંતિમ ઓવરમાં છેલ્લા બે બોલ પર ચોગ્ગો અને છગ્ગો ફટકારી ટીમનો સ્કોર 5 વિકેટે 243 રને પહોંચાડ્યો હતો. તે 55 બોલમાં 123 રન બનાવી અણનમ રહ્યો હતો.

244 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી હૈદરાબાદને ઓપનર ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ શતકીય ભાગીદારી નોંધાવી ટીમને સંગીન શરૂઆત અપાવી હતી. બંને ઓપનર તોફાની બેટિંગ કરી 8.4 ઓવરમાં 129 જોડ્યા ત્યારે ગઝનફરે અભિષેક શર્માને આઉટ કર્યા બાદ વન ડાઉન આવેલા ઈશાન કિશનને બોલ્ડ કરી ડબલ ઝટકો આપ્યો હતો.

આ બે ઝટકામાંથી હૈદરાબાદ બહાર આવે તે પહેલાં હાર્દિકે ટ્રેવિસ હેડને આઉટ કરી મુંબઈને ત્રીજી સફળતા અપાવી હતી. રેડ્ડી પણ ૨૧ રન બનાવી આઉટ થયા બાદ ક્લાસેન અને સલીલ અરોરાએ 36 રન જોડી 18.4 ઓવરમાં ટીમને વિજય અપાવ્યો હતો.

# થોમસ કપ ફાઈનલ્સના ગ્રુપ એમાં ચીન સામે ભારતનો 2-3થી પરાજય

## ભારત તરફથી સિંગલ્સમાં આયુષ શેટ્ટી અને એચ.એસ. પ્રણોય જીત્યા

**હોર્સેસ, તા.30**




અહીં યોજાઈ રહેલા થોમસ કપ ફાઈનલ્સના ગ્રુપ એમાં ભારતીય ટીમનો ચીન સામે ૨-૩થી પરાજય થયો હતો. ભારત તરફથી સિંગલ્સમાં આયુષ શેટ્ટી અને એચ.એસ. પ્રણોય જીત્યા હતા જ્યારે સિંગલ્સમાં લક્ષ્ય સેન તથા ડબલ્સમાં સાત્વિકસાંઈરાજ રેન્કિરેડ્ડી તથા ચિરાગ શેટ્ટીની ડબલ્સની જોડી તેમજ એચ. અમસકરુનન અને એમ. અર્જુનની જોડીનો ડબલ્સમાં પરાજય થયો હતો.

પ્રથમ મેચ સિંગલ્સની યોજાઈ હતી જેમાં લક્ષ્ય સેનનો સામનો ચીનના લી શી ફેંગ સામે હતો. લક્ષ્યએ ગત મહિને યોજાયેલી ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશીપમાં લી શી ફેંગને હરાવ્યો હતો પરંતુ આજે એક કલાક ૧૪ મિનિટ સુધી ચાલેલી મેચમાં લી શી ફેંગે ૨૧-૧૯, ૮-૨૧, ૨૧-૧૨થી લક્ષ્ય સેનને પરાજય આપી ચીનને ૧-૦ની લીડ અપાવી હતી.

બીજો મુકાબલો ડબલ્સનો હતો જેમાં વિશ્વની ચોથી ક્રમાંકિત જોડી સાત્વિકસાંઈરાજ રેન્કિરેડ્ડી તથા ચિરાગ શેટ્ટીનો ચીનના લિયાંગ વેઈ કેંગ અને વાંગ ચાંગની જોડી સામે ૧૩-૨૧, ૨૧-૧૩, ૨૬-૨૪થી પરાજય થતાં ભારત ૦-૨થી પાછળ થઈ ગયું હતું. ત્રીજી મેચમાં આયુષ શેટ્ટીએ ચીનના વોંગ હોંગ યેંગ સામે એક કલાકથી વધુ ચાલેલી મેચમાં ૧૭-૨૧, ૨૧-૧૩, ૨૧-૧૫થી મેચ જીતી ભારતની વાપસી કરાવી હતી. જોકે, ચોથી મેચમાં ચીનના હી જી ટિંગ અને રેન ઝિયાંગ હુની જોડીએ એચ. અમસાકરુનન અને એમ.આર. અર્જુનની જોડીને માત્ર ૩૫ મિનિટમાં ૨૧-૧૭, ૨૧-૧૩થી હરાવી ચીનને ૩-૧થી આગળ કરી દીધું હતું.

અંતિમ મેચ સિંગલ્સની યોજાઈ હતી જેમાં ભારતના એચ.એસ. પ્રણોયે લુ ગુઆંગ ઝુને ૨૦-૨૨, ૨૧-૧૯, ૨૧-૧૧થી હરાવ્યો હતો. જોકે, ચીને એક સિંગલ્સ અને બે ડબલ્સની મેચ જીતી હોવાથી ૩-૨થી જીત મુકાબલો પોતાના નામે કર્યો હતો.

# સેમિફાઈનલના ફર્સ્ટ લેગમાં પેરિસ સેન્ટ જર્મને બાયર્ન મ્યુનિખને 5-4થી હરાવ્યું

**પેરિસ, તા.30**



યુઈએફએ ચેમ્પિયન્સ લીગની સેમિફાઈનલના ફર્સ્ટ લેગમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન પેરિસ સેન્ટ જર્મને હોમ ગ્રાઉન્ડ પર મહેસાન ટીમ જર્મનીની બાયર્ન મ્યુનિખ ટીમને રોમાંચક બનેલી મેચમાં ૫-૪થી જીત મેળવી હતી. આ મેચમાં આક્રમક રમત જોવા મળી હતી. જેમાં સ્પર્ધાના રેકોર્ડ સંખ્યામાં ગોલ થયા હતા. ક્લાસિક તરીકે ઓળખાતી આ મેચની ૧૭મી મિનિટે બાયર્ન મ્યુનિખ તરફથી ૧૭મી મિનિટે હેરી કેને ગોલ કરી લીડ મેળવી હતી પરંતુ તે વધુ સમય ટકી શકી નહોતી અને મેચની ૨૪મી મિનિટે ખ્વિચા ક્વારાત્કેલિયાએ ગોલ કરી ટીમને ૧-૧ની બરાબરી અપાવી હતી જ્યારે ૩૩મી મિનિટે પીએસજીને કોર્નર મળ્યું જેના પર જાઓ નેવેસે ગોલ કરી પીએસજીને ૨-૧ની લીડ અપાવી હતી. પરંતુ ૪૧મી મિનિટે બાયર્ન તરફથી મિચેલ ઓલિસેએ ગોલ કરતાં બંને ટીમો ૨-૨ની બરાબરી પર આવી ગઈ પરંતુ ૪૫મી મિનિટે ઓસ્માન ડેમ્બેલેએ ગોલ કરતાં પીએસજીએ ફર્સ્ટ હાફમાં ૩-૨ની લીડ મેળવી હતી. બીજા હાફમાં પીએસજીએ આક્રમક રમત દર્શાવી હતી. જેનો ફાયદો થયો હતો અને ૫૬મી મિનિટે ક્વારાત્કેલિયાએ પોતાનો બીજો અને ટીમ માટે ચોથો ગોલ કર્યાની ત્રણ મિનિટ પછી ઓસ્માન ડેમ્બેલેએ પોતાનો બીજો ગોલ કરી પીએસજીને ૫-૨ની મજબૂત લીડ અપાવી બાયર્ન મ્યુનિખ પર દબાણ વધાર્યું હતું પરંતુ બાયર્ન મ્યુનિખે પણ આક્રમક રમત દર્શાવી મેચમાં વાપસી કરતાં ૬૪મી મિનિટે ડેયોટ અપરમેકાનોએ લીડ ઘટાડી હતી જ્યારે તેની ચાર મિનિટ બાદ મેચની ૬૮મી મિનિટે લુઈસ ડિયાઝે ગોલ કરી મ્યુનિખે લીડ ઘટાડી ૪-૫ કરી દીધી હતી. તે પછી બંને ટીમો મેચમાં પકડ બનાવવાનો પ્રયાસ કરી રહી હતી જોકે, તે પછી બંને ટીમો ત્યારબાદ ગોલ કરવામાં સફળ રહી નહોતી અને નિર્ધારીત સમયમાં પેરીસ સેન્ટ જર્મને ૫-૪થી મેચ જીતી લીધી હતી.

# જોરદાર ફોર્મમાં ચાલી રહેલા બેંગલોર સામે ગુજરાતનો મુકાબલો

**અમદાવાદ, તા.30**





ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી20 ક્રિકેટ ટુર્નામેન્ટમાં પોતાનું સાતત્ય જાળવી રાખવા માટે હાલમાં સંઘર્ષ કરી રહેલી ગુજરાત ટાઈટન્સની ટીમ નો સામનો ગુરુવારે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પ્રચંડ ફોર્મમાં ચાલી રહેલી રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે થશે. ટુર્નામેન્ટના અડધા તબક્કે ગુજરાત ટાઈટન્સ આઠ મેચમાં ચાર જીત અને એટલા જ પરાજય સાથે પોઈન્ટ ટેબલમાં મધ્યમાં અટવાયેલું જોવા મળે છે. બીજી તરફ ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલોર હાલમાં 12 પોઈન્ટ સાથે બીજા ક્રમે છે અને તેણે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. ગુરુવારે સાંજે 7.30 કલાકે મેચનો પ્રારંભ થશે.

બેંગલોરની સફળતામાં તેના નવા બોલના સ્પેલની મહત્વની ભૂમિકા રહી છે. ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવૂડની જોડીએ હરીફ ટીમો માટે મુશ્કેલીઓ સર્જી છે. ભુવનેશ્વરે પોતાની સ્વિંગ બોલિંગથી જૂના દિવસોની યાદ તાજી કરાવી છે જ્યારે હેઝલવૂડ તેની 'ટેસ્ટ મેચ લેન્થ' થી બેટ્સમેનોને બહારની કિનારી લેવા મજબૂર કરી રહ્યો છે. છેલ્લી મેચમાં દિલ્હી કેપિટલ્સને માત્ર 75 રનમાં આઉટ કરીને ચેમ્પિયન ટીમે પોતાના ફોર્મનો પરચો આપી દીધો હતો. મિડલ ઓવર્સમાં કૃણાલ પંડ્યાની વૈવિધ્યપૂર્ણ બોલિંગનો સામનો કરવો પણ ગુજરાત માટે મોટો પડકાર બની રહેશે. ગુજરાત ટાઈટન્સની બેટિંગ અત્યાર સુધી મુખ્યત્વે તેના ટોપ ઓર્ડર પર નિર્ભર રહી છે. સાઈ સુદર્શન, કેપ્ટન શુભમન ગિલ અને જોસ બટલર રન ફટકારી રહ્યા છે. મધ્યક્રમમાં વોશિંગ્ટન સુંદરે પ્રભાવ પાડ્યો છે પરંતુ ફિનિશર તરીકે શાહરૂખ ખાન અને રાહુલ તેવટિયા હજી સુધી અપેક્ષિત પ્રદર્શન કરી શક્યા નથી. ટીમમાં સંતુલન લાવવા માટે જેસન હોલ્ડરને મધ્યક્રમમાં સામેલ કરવામાં આવ્યો છે.

રસપ્રદ વાત એ છે કે માત્ર એક સપ્તાહ અગાઉ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં બેંગલોરે ગુજરાત ટાઈટન્સ સામે 206 રનનો લક્ષ્યાંક સાત બોલ બાકી રાખીને સરળતાથી હાંસલ કરી લીધો હતો. આ ઉપરાંત ગુજરાત પોતાના હોમ ગ્રાઉન્ડ પર પણ ખાસ પ્રભુત્વ જમાવી શક્યું નથી, જ્યાં તેઓ ત્રણમાંથી બે મેચ હારી ચૂક્યા છે. હવે ગુરુવારની મેચમાં યુવા પ્રતિભા પર નજર રહેશે. ફિલ સોલ્ટની ઈજા બાદ ટીમમાં આવેલા ઈંગ્લેન્ડના યુવા ખેલાડી જેકોબ બેથેલ પર સૌની નજર રહેશે. જોકે તે છેલ્લી બે મેચમાં ખાસ પ્રભાવ પાડી શક્યો નથી પરંતુ ટી20 વર્લ્ડ કપમાં તેની પ્રતિભા જોઈ શકાય છે. વિરાટ કોહલી સાથે બેટિંગ કરતી વખતે તે ગુરુવારની રાત્રે મોટી ઈનિંગ્સ રમવા આતુર હશે. દિલ્હી કેપિટલ્સ સામેની છેલ્લી મેચની સફળતા બાદ બેંગલોરના આત્મવિશ્વાસમાં વધારો થયો છે. મેચ પૂર્વે રજત પાટીદારે જણાવ્યું હતું કે "તમારા રૂટિનને ફોલો કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે હજી લાંબી મજલ કાપવાની છે. અમે અત્યારે એક સમયે એક જ મેચ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. સારી વાત એ છે કે દરેક મેચમાં અલગ-અલગ ખેલાડીઓ પ્રદર્શન કરીને ટીમને જીતાડી રહ્યા છે, જે અમારા માટે ખૂબ સારા સંકેત છે."

ગુરુવારની આ મેચમાં ગુજરાત ટાઈટન્સ માટે જીત અનિવાર્ય છે, જ્યારે બેંગલોર પોતાની વિજયકૂચ જાળવી રાખી પ્લેઓફ તરફ મજબૂત ડગ માંડવા માંગશે.



# પ્રિયંકા મીરા નાયરની અમૃતા શૅરગિલની બાયોપિક 'અમરી'માં કેમિયો કરશે

**મુંબઈ, તા.30**

અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ જાણીતાં ફિલ્મમેકર મીરા નાયરની આવનારી બાયોપિક અમરી માટે એક કેમિયો શૂટ કર્યો હોવાનાં અહેવાલો છે. જે પ્રખ્યાત ચિત્રકાર અમૃતા શૅર-ગિલના જીવન પર આધારિત છે. જોકે આ પ્રોજેક્ટ વિશે વધુ માહિતી હજુ ગુપ્ત રાખવામાં આવી છે, ઈન્ડસ્ટ્રીનાં સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, પ્રિયંકા ચોપરાનો રોલ નાનો પરંતુ મહત્વપૂર્ણ હોઈ શકે છે.

આ અંગેના અહેવાલો અનુસાર, પ્રિયંકા તાજેતરમાં ભારતમાં હતી અને બીજાં કેટલાંક કામ પૂર્ણ કર્યા બાદ તેણે આ ફિલ્મ માટે શૂટિંગ કર્યું હતું. સુત્રએ જણાવ્યું, "ફિલ્મનો ઉદ્દેશ ચિત્રકારના જીવનને હંગેરી, ભારત અને ફ્રાન્સમાં રજૂ કરવાનો છે. એક ખાસ ભાગ માટે મીરાએ ગયા વર્ષે પ્રિયંકાનો સંપર્ક કર્યો હતો અને તેણે ગયા અઠવાડિયે શૂટિંગ કર્યું હતું. પ્રિયાંકા હૈદરાબાદમાં 'વારાણસી' માટે કેટલાક કામ પૂરા કરવા માટે આવી હતી. ત્યારબાદ તે અમૃતસર ગઈ અને બે દિવસ સુધી શૂટિંગ કર્યું હતું."

આ અહેવાલો પછી ફેન્સમાં ઉત્સુકતા વધી ગઈ છે, તેની પાછળ ખાસ કારણ એ પણ છે કે આ ફિલ્મ માટે પ્રિયંકા ચોપરા અને મીરા નાયર પહેલી વખત સાથે કામ કરશે. બંને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતાં નામો છે, જેમણે ભારતીય અને વૈશ્વિક મનોરંજન ક્ષેત્રમાં સફળ કારકિર્દી બનાવી છે.

અમૃતા શૅરગિલની મુખ્ય ભૂમિકામાં અભિનેત્રી તાન્યા મનિકતલાને લેવામાં આવી હોવાના અહેવાલો છે. મીરા નાયરે અગાઉ 2020ની બીબીસી ડ્રામા સિરીઝ એ સુટેબલ બોયમાં તાન્યા સાથે કામ કર્યું હતું, જેમાં તેનો અભિનય વખણાયો હતો.

અમરી ફિલ્મ અમૃતા શૅરગિલના અસાધારણ જીવનને રજૂ કરશે એવી અપેક્ષા છે, જેને 20મી સદીના પ્રારંભિક સમયના સૌથી પ્રભાવશાળી આધુનિક કલાકારોમાં ગણવામાં આવે છે. હંગેરીયન માતા અને શીખ પિતાના સંતાન તરીકે જન્મેલાં અમૃતા શૅરગિલનું જીવન યુરોપ અને ભારત વચ્ચે પસાર થયું હતું, જેનાથી તેમની અનોખી કલાત્મક શૈલી વિકસિત થઈ–જેમાં પશ્ચિમી ટેકનિક અને ભારતીય વિષયોનું સંયોજન જોવા મળે છે. જોકે તેમનું જીવન દુર્ભાગ્યવશ 1941માં માત્ર 28 વર્ષની વયે સમાપ્ત થયું, તેમ છતાં તેમનું કાર્ય આજે પણ અનેક કલાકારોને પ્રેરણા આપે છે.

# દિવ્યેન્દુએ કહ્યું, કુનાલ ખેમુ 'મડગાંવ એક્સપ્રેસ 2'ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે

## ફરી એક વાર પ્રતીક ગાંધી, કુનાલ ખેમુ, અવિનાશ તિવારી અને દિવ્યેંદુ ધમાલ મચાવશે

**મુંબઈ, તા.30**



મડગાંવ એક્સપ્રેસના ચાહકો માટે ખુશખબર છે. આ ફિલ્મ પણ ગોલમાલ અને વેલકમ કે હેરાફેરી જેવી કલ્ટ કોમેડી બની ગઈ છે. આ ફિલ્મના યાદગાર પાત્રમાંના એક દિવ્યેન્દુએ હવે કહ્યું છે કે 2024ની આ કોમેડી હિટની સિક્વલ હવે સત્તાવાર રીતે બની રહી છે અને ડિરેક્ટર કુનાલ ખેમુ હાલમાં મડગાંવ એક્સપ્રેસ 2 માટે સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે. મૂળ ફિલ્મ, જે કુનલ ખેમુની ડિરેક્ટર તરીકે ડેબ્યુ ફિલ્મ હતી, તેમાં દિવ્યેન્દુ, પ્રતિક ગાંધી અને અવિનાશ તિવારી મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મનાં તેના અલગ પ્રકારના હાસ્ય, ઊર્જાસભર અભિનય અને નવીન વાર્તાકથન માટે વખાણ થયા હતા અને રિલીઝ પછી તે ઝડપથી ફેન્સમાં લોકપ્રિય થઈ ગઈ હતી. એક ઈન્ટરવ્યુમાં દિવ્યેન્દુએ સિક્વલ અંગે સકારાત્મક અપડેટ આપતા કહ્યું, "હા, બની રહી છે, ચોક્કસ બની રહી છે. કુનાલ સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે. અમે બધા ખૂબ જ ઉત્સાહિત છીએ."

દિવ્યેંદુએ પ્રથમ ફિલ્મને મળેલા મજબુત પ્રતિસાદનો પણ ઉલ્લેખ કર્યો, તેણે કહ્યું, "મડગાંવ માટે જે પ્રતિસાદ મળ્યો તે એવો હતો કે, તેને એક પ્રકારનું કલ્ટ ફોલોવિંગ મળ્યું છે. હું 'કલ્ટ' શબ્દ વાપરવા માગતો નથી, કારણ કે ફિલ્મ હજી નવી છે. તેને વધુ સમય સાથે વધવાનું અને વધુ મજબૂત થવાનું બાકી છે. પરંતુ હા, લોકો આ ફિલ્મ માટે ખરેખર ખુબ ઉત્સાહિત છે." આમ તો, સિક્વલ અંગેની ચર્ચા માર્ચ 2025માં જ શરૂ થઈ ગઈ હતી, કુનાલ ખેમુએ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મની પ્રથમ વર્ષગાંઠ ઉજવતા લખ્યું હતું કે તેણે "આગળની ફિલ્મ લખી લીધી છે". જોકે, ત્યારે તેણે કોઈ વિગતો જાહેર કરી નહોતી, પરંતુ હવે દિવ્યેન્દુના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે પ્રોજેક્ટ આગળ વધી રહ્યો છે. જોકે સ્ટોરીની વિગતો હજી ગુપ્ત રાખવામાં આવી છે, પ્રથમ ફિલ્મના અંતે જ સિક્વલની સંભાવના દર્શાવવામાં આવી હતી. અંતિમ સીનમાં દિવ્યેન્દુનું પાત્ર 'ડોડો' લોટરી જીતી જાય છે અને તેના મિત્રોને લાસ વેગાસ જવાનું સુચન કરે છે, જે વધુ મોટી અને વધુ મસ્ત સિક્વલ માટેનો રસ્તો ખોલે છે. 2024માં રિલીઝ થયેલી મડગાંવ એક્સપ્રેસ ત્રણ બાળપણના મિત્રો વિશે હતી.

# હવે રિચા ચઢ્ઢા ક્રાઈમ થ્રિલર સિરીઝમાં ડિટેક્ટિવની ભૂમિકામાં જોવા મળશે

**મુંબઈ, તા.30**



સંજય લીલા ભણસાલીની ભવ્ય પિરિયડ ડ્રામા સિરીઝ હીરામંડીમાં લાજ્જો નામની તવાયફ તરીકે મજબુત અભિનય કરીને પાત્રને યાદગાર બનાવ્યા બાદ, રિચા ચઢ્ઢા હવે ફરી એકવાર સંપૂર્ણપણે અલગ અવતારમાં જોવા મળશે.ઈન્ડસ્ટ્રીનાં વિશ્વસનીય સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, રિચા જલ્દી જ એક મોટા OTT પ્લેટફોર્મમાં રોમાંચક ક્રાઈમ થ્રિલર સિરીઝમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ રો તેનાં હિરામંડીનાં રોલથી ઘણો અલગ હશે. રીચા આ નવા પ્રોજેક્ટમાં ડિટેક્ટિવની ભૂમિકામાં જોવા મળશે. આ પહેલાં વિદ્યા બાલન સહિતની એક્ટ્રેસ પણ ડિટેક્ટિવનાં રોલ કરી ચુકી છે, ત્યારે આ રોલ કેટલો અલગ અને મજબુત હશે, તે જોવાનું રસપ્રદ રહેશે. જોકે સિરીઝ અંગેની વિગતો હજુ ગુપ્ત રાખવામાં આવી છે, પરંતુ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે કે રિચાએ શૂટિંગ શરૂ કરી દીધું છે. આ શોમાં ક્રાઈમ અને ઈન્વેસ્ટિગેશનનાં બૅકગ્રાઉન્ડ પર આધારિત એક જટિલ વાર્તા જોવા મળશે, જેમાં રિચાનું પાત્ર રહસ્ય ઉકેલવામાં કેન્દ્રસ્થાનમાં રહેશે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા એક સુત્રએ જણાવ્યું, "હીરામંડી પછી અને પ્રેગ્નન્સી બાદ, રિચા કંઈક સંપૂર્ણપણે અલગ કરવા માગતી હતી.

# મિસ ઈન્ડિયા વર્લ્ડ 2026 સાધ્વી સૈલ કહે છે, હું આ ખિતાબને હળવાશથી નથી લેતી

**મુંબઈ, તા.30**



તાજેતરમાં ભુવનેશ્વર ખાતે મિસ ઈન્ડિયા વર્લ્ડ પ્રતિયોગિતાવનું આયોજન થયું હતું. તેમાં ક્રાઉન પ્રાપ્ત કરનાર ગોવાની સાધ્વી સૈલ હવે ઈન્ટરનેશનલ સ્તરે મિસ વર્લ્ડ સ્પર્ધામાં ભાગ લેશે. તેની જીત સાથે દેશમાં ઘણા લોકોને થોડાં વર્ષો પછી ફરી એક વખત ભારતની આ સ્પર્ધામાં મજબુત દાવેદારીની અપેક્ષા છે. ત્યારે આ જીત અને પોતાની સફર વિશે સાધ્વીએ એક ઈન્ટરવ્યુમાં વાત કરી હતી. ભુવનેશ્વર ખાતે 61મી ફેમિના મિસ ઈન્ડિયાની ફાઈનલમાં, ગોવાની 24 વર્ષની પ્રતિનિધિ સાધ્વી સૈલને ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ તરીકે ક્રાઉન પહેરાવવામાં આવ્યો. તે 2027માં તાન્ઝાનિયામાં યોજાનાર મિસ વર્લ્ડમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ અંગે સાધ્વી કહે છે, "ઘણી રીતે અમને હજુ પણ બધું સામાન્ય જ લાગે છે. પરંતુ સાથે સાથે, અમે આ બાબતને હળવાશથી નથી લેતા કે અમે આપણા દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છીએ. મને લાગે છે કે તમે પ્રેશર સાથે સાથે આ પ્રક્રિયાનો આનંદ પણ માણી શકો છો." નાની વયે અભ્યાસ માટે કેનેડા ગયેલી સાધ્વી સૈલને લોકોનું પ્રતિનિધિત્વ કરવાનું શું મહત્વ હોય છે તે સારી રીતે ખબર છે, કારણ કે તેણે યુનિવર્સિટીમાં એક ફોરમ પર આ રીતની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જોકે, પોતાના અનુભવના આધારે એ કહે છે કે "તમે બધાને ખુશ કરી શકતાં નથી."

તે કહે છે, "મેં શીખ્યું છે કે તમારે તમારા શ્રેષ્ઠ પ્રદર્શન માટે અને યોગ્ય ન્યાય કરવા માટે અન્ય લોકોની અપેક્ષાઓથી પોતાની જાતને દૂર રાખવી જોઈએ. આ અનુભવોને કારણે હું દબાણ વધારે ન લઉં અને પોતાને બહુ ગંભીરતાથી ન લઉં. જમીન સાથે જોડાયેલાં રહીને વધુ સારી રીતે પ્રદર્શન કરી શકો છો." આ સમય દરમિયાન, જ્યારે બ્યુટી પેજન્ટ્સનાં મહત્વ અને મુલ્ય અંગે પ્રશ્નો ઉઠે છે, ત્યારે સાધ્વીમાં તેના માટેનો વિશ્વાસ હજુ પણ મજબૂત છે, કારણ કે આ સ્પર્ધા સતત બદલાતી રહે છે. સાધ્વી જણાવે છે,"પહેલાં કેટલાંક નિશ્ચિત બીબાં હતાં જેમાં તમારે ફિટ થવું પડતું હતું, પરંતુ હવે આપણે વ્યક્તિગત સમાવેશીતા તરફ વધુ આગળ વધી રહ્યાં છીએ. હું આને બોડી આર્ટ અને ટેટૂ જેવી બાબતોની સ્વીકૃતિમાં પણ જોઈ રહી છું. શરૂઆતમાં હું આ બધું બહુ જોવા મળતું નહોતું. તેથી પેજન્ટ્સ સતત બદલાઈ રહ્યાં છે અને એ જ બાબત મારા વિશ્વાસને મજબૂત રાખે છે. આ હજી પણ એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે, કારણ કે આ અમારી વાત લોકો સુધી પહોંચાડવાનો એક રસ્તો છે," તે કહે છે. આ સમય દરમિયાન, જ્યારે બ્યુટી પેજન્ટ્સનાં મહત્વ અને મુલ્ય અંગે પ્રશ્નો ઉઠે છે, ત્યારે સાધ્વીમાં તેના માટેનો વિશ્વાસ હજુ પણ મજબૂત છે, કારણ કે આ સ્પર્ધા સતત બદલાતી રહે છે. સાધ્વી જણાવે છે, "પહેલાં કેટલાંક નિશ્ચિત બીબાં હતાં જેમાં તમારે ફિટ થવું પડતું હતું, પરંતુ હવે આપણે વ્યક્તિગત સમાવેશીતા તરફ વધુ આગળ વધી રહ્યાં છીએ.

ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

# ૬૬ મો ગુજરાત ગૌરવ દિવસ





## મારું ગુજરાત, મારું ગૌરવ

## ગુજરાતના ૬૬મા સ્થાપના દિનની સુરત ખાતે રાજ્યકક્ષાની ભવ્ય ઉજવણી

સમારોહના અધ્યક્ષ

**શ્રી આચાર્ય દેવવ્રત**

માનનીય રાજ્યપાલ, ગુજરાત

ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

તથા

**શ્રી હર્ષ સંઘવી**

માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

પ્રત્યેક ગુજરાતી બોલે છે,
અંતરમનનો અવાજ બોલે છે,
આ ગુજરાત મેં બનાવ્યું છે.

**- શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

| પોલીસ પરેડ | સાંસ્કૃતિક કાર્યક્રમ |
|---|---|
| **તારીખઃ** ૧ મે ૨૦૨૬, શુક્રવાર, **સમયઃ** સાંજે ૬-30 વાગે<br>**સ્થળઃ** વાય જંક્શન, સુરત | **તારીખઃ** ૧ મે ૨૦૨૬, શુક્રવાર, **સમયઃ** સાંજે ૭-30 વાગે<br>**સ્થળઃ** ડુમસ સી-ફેસ, સુરત |



ઉદ્યોગશક્તિ | વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર | સાગરશક્તિ | ગ્રીન ગ્રોથ | કૃષિસમૃદ્ધિ | પર્યટન અને સાંસ્કૃતિક વારસો | સશક્ત અને સ્વસ્થ ગુજરાત

સુરતના આંગણે ઉજવાઈ રહેલો ૬૬મો **'ગુજરાત ગૌરવ દિવસ'** એ આપણી અવિરત વિકાસયાત્રાનો એવો ઝળહળતો ઉત્સવ છે, જે **'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત'** નો મક્કમ માર્ગ કંડારી રહ્યો છે. **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# સેન્સેક્સ 583 પોઈન્ટ ઘટીને 76,913 પર બંધ: નિફ્ટી પણ 180 પોઈન્ટ ઘટીને 23,998 પર આવ્યો, મેટલ અને બેંકિંગ શેરોમાં ભારે વેચવાલી

**મુંબઈ, તા.30**



ભારતીય શેરબજારમાં 30 એપ્રિલના રોજ ભારે ઉથલપાથલ જોવા મળી હતી અને રોકાણકારોમાં વેચવાલીનો જબરદસ્ત માહોલ સર્જાયો હતો. આજના કારોબારના અંતે સેન્સેક્સમાં 583 પોઈન્ટનો મોટો ઘટાડો નોંધાયો હતો, જે ટકાવારીની દ્રષ્ટિએ 0.75 ટકા જેટલો થાય છે અને તે 76,913 ના સ્તરે આવીને અટક્યો હતો. આવી જ સ્થિતિ નિફ્ટી ઈન્ડેક્સમાં પણ જોવા મળી હતી, જેમાં 180 પોઈન્ટ એટલે કે 0.74 ટકાનો ઘટાડો નોંધાતા તે 23,998 ના સ્તરે બંધ રહ્યો હતો. બજારમાં જોવા મળેલી આ ગતિવિધિઓ વચ્ચે રોકાણકારોએ આઈટી સેક્ટરના શેરોમાં થોડી ખરીદીમાં રસ દાખવ્યો હતો, પરંતુ તેની સામે મેટલ અને જાહેર ક્ષેત્રની બેંકોના શેરોમાં વેચવાલીનું દબાણ ઘણું વધારે રહ્યું હતું.

આ ઘટાડા પાછળ વર્તમાન ભૌગોલિક અને રાજકીય અનિશ્ચિતતાઓ મુખ્ય કારણ હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. ખાસ કરીને ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના તણાવને કારણે વૈશ્વિક સ્તરે સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની ગંભીર ભીતિ સેવાઈ રહી છે. આ પરિસ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર તેજી જોવા મળી છે અને તે 120 ડોલર પ્રતિ બેરલની સપાટીને વટાવી ગયા છે. ભારત જેવા દેશ માટે તેલની વધતી કિંમતો આયાત બિલમાં વધારો કરશે અને તેને પરિણામે દેશમાં મોંઘવારી વધવાનું જોખમ પણ વધી જશે. વિશ્વમાં તેલ પુરવઠા માટે સૌથી મહત્વપૂર્ણ ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' માર્ગને લઈને પણ રોકાણકારોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે કારણ કે તેલની મજબૂત માંગ વચ્ચે આ માર્ગ ખોરવાઈ જવાની શક્યતા છે.

વૈશ્વિક બજારોની નરમાઈની સીધી અસર પણ ભારતીય સ્ટોક માર્કેટ પર સ્પષ્ટપણે જોવા મળી છે. એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ, જાપાનનો નિકેઈ અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ આજે લાલ નિશાનમાં બંધ થયા હતા, જેમાં નિકેઈમાં 1.02 ટકા અને હેંગસેંગમાં 1.28 ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો હતો. અગાઉના દિવસે એટલે કે 29 એપ્રિલે અમેરિકી બજારોમાં પણ નબળાઈ જોવા મળી હતી, જ્યાં ડાઉ જોન્સ અને S&P 500 ઈન્ડેક્સમાં ઘટાડો નોંધાયો હતો.

સામાન્ય રીતે જ્યારે પણ વૈશ્વિક સ્તરે યુદ્ધ કે તણાવ જેવી સ્થિતિ ઊભી થાય છે, ત્યારે મોંઘવારી વધવાની શક્યતાને કારણે કંપનીઓના નફામાં ઘટાડો થવાનું જોખમ રહે છે. આવી અનિશ્ચિત પરિસ્થિતિમાં રોકાણકારો જોખમી રોકાણ ગણાતા શેરબજારમાંથી પોતાના નાણાં પાછા ખેંચી લે છે અને સોના જેવા સુરક્ષિત સાધનોમાં રોકાણ કરવાનું વધારે પસંદ કરે છે, જે બજારના ઘટાડા માટે જવાબદાર બને છે. જોકે ગઈકાલે એટલે કે 29 એપ્રિલે ભારતીય બજારે સારી મજબૂતી દર્શાવી હતી અને સેન્સેક્સ 609 પોઈન્ટના ઉછાળા સાથે બંધ થયો હતો, પરંતુ આજના વૈશ્વિક દબાણ અને નકારાત્મક સંકેતો સામે બજાર પોતાની તેજી જાળવી શક્યું નહોતું. આ ઘટાડા પાછળ વર્તમાન ભૌગોલિક અને રાજકીય અનિશ્ચિતતાઓ મુખ્ય કારણ હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. ખાસ કરીને ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના તણાવને કારણે વૈશ્વિક સ્તરે સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની ગંભીર ભીતિ સેવાઈ રહી છે. આ પરિસ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર તેજી જોવા મળી છે અને તે 120 ડોલર પ્રતિ બેરલની સપાટીને વટાવી ગયા છે. ભારત જેવા દેશ માટે તેલની વધતી કિંમતો આયાત બિલમાં વધારો કરશે અને તેને પરિણામે દેશમાં મોંઘવારી વધવાનું જોખમ પણ વધી જશે. વિશ્વમાં તેલ પુરવઠા માટે સૌથી મહત્વપૂર્ણ ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' માર્ગને લઈને પણ રોકાણકારોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે કારણ કે તેલની મજબૂત માંગ વચ્ચે આ માર્ગ ખોરવાઈ જવાની શક્યતા છે.

વૈશ્વિક બજારોની નરમાઈની સીધી અસર પણ ભારતીય સ્ટોક માર્કેટ પર સ્પષ્ટપણે જોવા મળી છે. એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ, જાપાનનો નિકેઈ અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ આજે લાલ નિશાનમાં બંધ થયા હતા, જેમાં નિકેઈમાં 1.02 ટકા અને હેંગસેંગમાં 1.28 ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો હતો. અગાઉના દિવસે એટલે કે 29 એપ્રિલે અમેરિકી બજારોમાં પણ નબળાઈ જોવા મળી હતી, જ્યાં ડાઉ જોન્સ અને S&P 500 ઈન્ડેક્સમાં ઘટાડો નોંધાયો હતો. સામાન્ય રીતે જ્યારે પણ વૈશ્વિક સ્તરે યુદ્ધ કે તણાવ જેવી સ્થિતિ ઊભી થાય છે, ત્યારે મોંઘવારી વધવાની શક્યતાને કારણે કંપનીઓના નફામાં ઘટાડો થવાનું જોખમ રહે છે. આવી અનિશ્ચિત પરિસ્થિતિમાં રોકાણકારો જોખમી રોકાણ ગણાતા શેરબજારમાંથી પોતાના નાણાં પાછા ખેંચી લે છે અને સોના જેવા સુરક્ષિત સાધનોમાં રોકાણ કરવાનું વધારે પસંદ કરે છે, જે બજારના ઘટાડા માટે જવાબદાર બને છે. જોકે ગઈકાલે એટલે કે 29 એપ્રિલે ભારતીય બજારે સારી મજબૂતી દર્શાવી હતી અને સેન્સેક્સ 609 પોઈન્ટના ઉછાળા સાથે બંધ થયો હતો, પરંતુ આજના વૈશ્વિક દબાણ અને નકારાત્મક સંકેતો સામે બજાર પોતાની તેજી જાળવી શક્યું નહોતું.

# ફેશનની દુનિયાને પ્રદૂષણ મુક્ત બનાવવાની ઝુંબેશ: એમેઝોનના સ્થાપક બેઝોસ અને તેમની પત્નીએ ઈકો-ફ્રેન્ડલી કપડાં બનાવવા માટે 2322 કરોડનું દાન કર્યું

**ન્યૂયોર્ક, તા.30**




એમેઝોનના સંસ્થાપક જેફ બેઝોસ અને તેમની પત્ની લોરેન સાંચેઝે ફેશનની દુનિયાને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે લગભગ 2322 કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. આ રકમ લેબમાં બનેલા ફાઈબર, બેક્ટેરિયાથી બનેલા દોરા અને ખેતીના કચરામાંથી તૈયાર કરાયેલા કપડાં પર ખર્ચ થશે. લોરેન માટે આ એક ભાવનાત્મક નિર્ણય છે. ગરીબીના કારણે તેમણે પોતાનો પ્રોમ ડ્રેસ જાતે જ સીવ્યો હતો. હવે તેઓ એવા વૈજ્ઞાનિકોને મદદ કરી રહ્યા છે, જેઓ કપડાં બનાવવાની પરંપરાગત પદ્ધતિઓ બદલી રહ્યા છે. આ ફંડનો લક્ષ્ય 3-5 વર્ષમાં પર્યાવરણને અનુકૂળ કપડાં ગ્રાહકો સુધી પહોંચાડવાનો છે. આનાથી પ્રદૂષણ ફેલાવતા સિન્થેટિક મટિરિયલ અને જીવાશ્મ ઈંધણ પર ફેશન ઈન્ડસ્ટ્રીની નિર્ભરતા ઘટશે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ મુજબ, બેઝોસ 26.45 લાખ કરોડની સંપત્તિ સાથે વિશ્વના ત્રીજા સૌથી ધનિક વ્યક્તિ છે. લોરેનનું બાળપણ સંઘર્ષો વચ્ચે વીત્યું. તેમની પાસે હાઈસ્કૂલની વિદાય પાર્ટી (પ્રોમ) માટે મોંઘો ડ્રેસ ખરીદવાના પૈસા નહોતા. તેમણે દાદી પાસેથી સિલાઈ શીખી અને પોતે લાલ રંગનો પફ-સ્લીવ ડ્રેસ તૈયાર કર્યો. તેઓ પૈસા કમાવવા માટે કોફી સર્વ કરતા અને દાદી સાથે હાઉસકીપિંગ કરતા હતા. પરંતુ હવે તેઓ માત્ર મોંઘા કપડાં પહેરવા પૂરતા સીમિત નથી. તેઓ એ પણ નક્કી કરી રહ્યા છે કે ભવિષ્યમાં કપડાં કઈ વસ્તુમાંથી બનશે. તેમનું દાન માત્ર પર્યાવરણને બચાવવામાં મદદ કરશે નહીં, પરંતુ ફેશન જગતમાં એવા ઈનોવેશન પણ લાવશે, જેનાથી કપડાંનું ઉત્પાદન સંપૂર્ણપણે સુરક્ષિત થઈ જશે.

સાંચેઝને ફેશનનું ભવિષ્ય સુધારવા માટે ગ્રાન્ટ આપવામાં આવી છે. આનાથી ઔદ્યોગિક કચરામાંથી તૈયાર થતા રેશમ જેવા દોરા અને કપાસના જિનેટિક્સ પર રિસર્ચ કરવામાં આવશે. બેઝોસ અને લોરેન એવા વૈજ્ઞાનિકોને સમર્થન આપી રહ્યા છે, જેઓ કપડાં બનાવવાની પરંપરાગત અને પ્રદૂષણ ફેલાવતી પદ્ધતિઓના વિકલ્પો શોધી રહ્યા છે. ફેશન ઈન્ડસ્ટ્રીમાં પોલિએસ્ટર જેવા સિન્થેટિક મટિરિયલનો ઉપયોગ વધુ થાય છે. આ પર્યાવરણને નુકસાન પહોંચાડે છે. એમેઝોન વિશ્વની સૌથી મોટી કપડા રિટેલર છે, તેથી સાંચેઝનું આ પગલું પ્રદૂષણ ઘટાડવા, ફેશનને સુરક્ષિત બનાવવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. સાંચેઝના દાનથી પાંચ મુખ્ય સંસ્થાઓને સહાય મળશે. બેઝોસ અર્થ ફંડની સહાય રકમ કોલંબિયા યુનિવર્સિટી, યુસી બર્કલે અને કોટન ફાઉન્ડેશન જેવી પાંચ સંસ્થાઓને આપવામાં આવશે. અત્યાર સુધી મશરૂમ અને દરિયાઈ કચરામાંથી ઈકો-ફ્રેન્ડલી કપડાં બનાવવા ખૂબ મોંઘા રહ્યા છે. બેઝોસ દંપતીની મદદથી હવે આ ટકાઉ કપડાંનું મોટા પાયે ઉત્પાદન શક્ય બનશે અને કિંમત પણ ઘટશે. તેઓ પૈસા કમાવવા માટે કોફી સર્વ કરતા અને દાદી સાથે હાઉસકીપિંગ કરતા હતા. પરંતુ હવે તેઓ માત્ર મોંઘા કપડાં પહેરવા પૂરતા સીમિત નથી. તેઓ એ પણ નક્કી કરી રહ્યા છે કે ભવિષ્યમાં કપડાં કઈ વસ્તુમાંથી બનશે. તેમનું દાન માત્ર પર્યાવરણને બચાવવામાં મદદ કરશે નહીં, પરંતુ ફેશન જગતમાં એવા ઈનોવેશન પણ લાવશે, જેનાથી કપડાંનું ઉત્પાદન સંપૂર્ણપણે સુરક્ષિત થઈ જશે.

# ક્રૂડ તેલ ઉછળી 115 ડોલર ઉપર: સોના-ચાંદીમાં વિશ્વ બજાર પાછળ વધુ ઘટાડો

**મુંબઈ, તા.30**



મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. નવી માગ ધીમી હતી. વિશ્વ બજારના સમાચાર ભાવમાં વધુ ઘટાડો બતાવતા હતા. વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ વધતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ વધ્યું હતું. દરમિયાન, ઘરઆંગણે કરન્સી બજારમાં આજે રૂપિયો તૂટતાં તથા ડોલરન ભાવ ઉછળતાં ઝવેરી બજારોમાં ભાવ ઘટાડો આજે તેટલા પ્રમાણમાં સિમિત રહ્યો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, ઈરાન તથા અમેરિકા વચ્ચે મડાગાંઠ તથા ઈરાન ફરતે અમેરિકાએ બ્લોકેડ ચાલુ રાખતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ આજે વધુ ઉછળી બેરલના ઉંચામાં ૧૧૫ ડોલર ઉપર ગયા હતા. દરમિયાન, ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૧૦ ગ્રામના રૂ.૮૦૦ તથા ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૨૦૦૦ ઘટયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૫૮૦થી ૪૫૮૧ ડોલરવાળા નીચામાં ભાવ ૪૫૫૧ થઈ ૪૫૬૧થી ૪૫૬૨ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૭૨.૯૪ વાળા નીચામાં ભાવ ૭૨.૪૯ થઈ ૭૨.૫૧થી ૭૨.૫૨ ડોલર રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ સોનાના ભાવ ઘટી ૯૯૫ના રૂ.૧૫૨૪૦૦ તથા ૯૯૯ના રૂ.૧૫૨૭૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ ઘટી રૂ.૨૪૦૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગગર ઘટી ૯૯૫ના રૂ.૧૪૭૩૮૦ તથા ૯૯૯ના રૂ.૧૪૭૯૭૩ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ ઘટી જીએસટી વગર રૂ.૨૩૬૩૦૦ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલ બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૧૧૧.૯૫ વાળા વધી ૧૧૫.૪૩ થઈ ૧૧૪.૬૩ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૧૦૩.૮૨ થઈ ૧૦૨.૯૪ ડોલર રહ્યા હતા. ક્રૂડના ભાવ વોર ઈફેક્ટ વચ્ચે તાજેતરમાં ઉંચામાં ૧૨૦થી ૧૨૧ ડોલર થયા પછી યુદ્ધ વિરામના પગલે તાજેતરમાં ભાવ નીચામાં ૯૦ ડોલર પણ થયા હતા તે હવે નવેસરથી ઉછળતા જોવા મળ્યા છે. દરમિયાન, વિશ્વ બજારમાં આજે પ્લેટીનમના ભાવ ઔંસના નીચામાં ૧૯૧૪ થઈ ૧૯૧૬ ડોલર રહ્યા હતા જ્યારે મુંબઈ બુલિયન બજારમાં આજે પ્લેટીનમના ભાવ ઘટી ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧૯૭૭ બોલાયા હતા.

# સોનું ₹679 વધીને ₹1.49 લાખ પર પહોંચ્યું: આ વર્ષે સોનું ₹16 હજાર મોંઘું થયું, ચાંદી આજે ₹582 વધીને ₹2.37 લાખ પર પહોંચી

**નવી દિલ્હી, તા.30**



સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 30 એપ્રિલના રોજ ઉછાળો જોવા મળ્યો છે, જેના કારણે કિંમતી ધાતુઓના ભાવ નવા સ્તરે પહોંચી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, 24 કેરેટ સોનાના ભાવમાં પ્રતિ 10 ગ્રામ 679 રૂપિયાનો વધારો થયો છે, જેનાથી તેની નવી કિંમત 1,48,652 રૂપિયા પર પહોંચી ગઈ છે. અગાઉના ટ્રેડિંગ સત્રમાં સોનાનો ભાવ 1,47,973 રૂપિયા પ્રતિ 10 ગ્રામ નોંધાયો હતો.

ચાંદીના ભાવમાં પણ આજે મજબૂતી જોવા મળી છે. એક કિલો ચાંદીના ભાવમાં 582 રૂપિયાનો વધારો થતા તે હવે 2,36,882 રૂપિયા પર પહોંચી ગઈ છે. ગઈકાલે એટલે કે 29 એપ્રિલના રોજ ચાંદીની કિંમત 2,36,300 રૂપિયા પ્રતિ કિલો હતી.

વર્ષ 2026ની શરૂઆતથી જ સોના અને ચાંદીના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 16 હજાર રૂપિયાનો જંગી વધારો જોવા મળ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે હવે વધીને 1.48 લાખ રૂપિયાને પાર કરી ગયો છે. તેવી જ રીતે ચાંદી પણ આ વર્ષે 7 હજાર રૂપિયા જેટલી મોંઘી થઈ છે. વર્ષના અંતે ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલોના સ્તરે હતી, જે હવે વધીને 2.37 લાખ રૂપિયાની નજીક પહોંચી ગઈ છે.

જો આપણે આ વર્ષના માસિક ગાળાના ભાવ પર નજર કરીએ તો, જાન્યુઆરીમાં સોનું 1.65 લાખ અને ચાંદી 3.39 લાખના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યા હતા. ત્યારબાદ ફેબ્રુઆરી અને માર્ચમાં ભાવમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ એપ્રિલ મહિનામાં ફરીથી કિંમતોમાં તેજીનું વલણ જોવા મળી રહ્યું છે.

નિષ્ણાતો સોનું ખરીદતી વખતે ખાસ કરીને બે બાબતોનું ધ્યાન રાખવાની સલાહ આપે છે. પ્રથમ તો હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદવું જોઈએ, કારણ કે હોલમાર્કિંગ દ્વારા સોનાની શુદ્ધતા અને તેના કેરેટની સાચી માહિતી મળે છે. બીજી મહત્વની બાબત એ છે કે સોનું ખરીદતા પહેલા તેના વજન અને તે દિવસના સત્તાવાર ભાવને IBJA જેવી વિશ્વસનીય વેબસાઈટ પરથી ક્રોસ ચેક કરવા જોઈએ, કારણ કે 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ સોનાના ભાવમાં તફાવત હોય છે.

ચાંદીની શુદ્ધતા ચકાસવા માટે પણ કેટલીક સરળ રીતો છે. અસલી ચાંદી ક્યારેય ચુંબક તરફ આકર્ષિત થતી નથી, જો તે ચુંબકને ચોંટી જાય તો તે નકલી હોઈ શકે છે. આ ઉપરાંત, ચાંદી પર બરફનો ટુકડો મૂકવાથી જો તે ઝડપથી પીગળે તો તે અસલી ચાંદીની નિશાની છે. અસલી ચાંદીમાં કોઈ ચોક્કસ પ્રકારની ગંધ હોતી નથી, જ્યારે નકલી ચાંદીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. વધુમાં, જો તમે ચાંદીને સફેદ કપડાથી ઘસો અને તેના પર કાળો ડાઘ પડે, તો તે અસલી ચાંદી હોવાનું પ્રમાણ છે.

# રૂપિયો રેકોર્ડ ઓલ ટાઈમ લો પર આવ્યો: 1 ડોલરની કિંમત 95.20 રૂપિયા થઈ, તેનાથી મોંઘવારી વધવાનું જોખમ

**નવી દિલ્હી, તા.30**



ભારતીય ચલણ રૂપિયામાં અત્યાર સુધીનો સૌથી મોટો ઐતિહાસિક ઘટાડો જોવા મળી રહ્યો છે, જેના કારણે સામાન્ય જનતાથી લઈને અર્થતંત્ર સુધી તમામ સ્તરે ચિંતાની લહેર પ્રસરી ગઈ છે. આજે એટલે કે 30 એપ્રિલના રોજ ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે 95.20 ના રેકોર્ડબ્રેક નીચલા સ્તરે પહોંચી ગયો છે. આ ગંભીર સ્થિતિ પાછળ મુખ્યત્વે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલું યુદ્ધ અને તેના કારણે વૈશ્વિક એનર્જી સપ્લાયમાં ઉભા થયેલા અવરોધો જવાબદાર માનવામાં આવે છે. વિદેશી બ્રોકરેજ ફર્મ બર્નસ્ટીનના અહેવાલ મુજબ, જો ઈરાન સાથેનું આ યુદ્ધ લાંબુ ચાલશે તો રૂપિયો હજુ પણ વધુ નબળો પડીને 98 ના સ્તર સુધી પહોંચી શકે છે.

રૂપિયામાં જોવા મળી રહેલા આ સતત ધોવાણ માટે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) દ્વારા ભારતીય બજારમાંથી કરવામાં આવતી સતત વેચવાલી અને વધતો જતો વૈશ્વિક વ્યાપારી તણાવ મુખ્ય પરિબળો છે. વર્ષ 2026 ની શરૂઆતથી જ રૂપિયો સતત દબાણ હેઠળ રહ્યો છે. નોંધનીય છે કે ગયા વર્ષે ડિસેમ્બર 2025 માં રૂપિયો પહેલીવાર 90 ના સ્તરને પાર કરી ગયો હતો, જે હવે સતત ગગડી રહ્યો છે. મિડલ ઈસ્ટના આ સંઘર્ષને દાયકાઓનું સૌથી ગંભીર ઉર્જા સંકટ ગણવામાં આવે છે, જેની સીધી અને નકારાત્મક અસર ભારત પર પડી રહી છે.

ડોલર સામે રૂપિયો નબળો પડવાને કારણે ભારતમાં મોંઘવારી વધવાનું જોખમ અનેકગણું વધી ગયું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ વધતા ભારતનું ઈમ્પોર્ટ બિલ એટલે કે આયાત પાછળ થતો ખર્ચ વધ્યો છે. આના કારણે એલપીજી ગેસ, પ્લાસ્ટિક અને અન્ય પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સના સપ્લાય પર માઠી અસર પડી રહી છે, જેનાથી જીવનજરૂરી ચીજવસ્તુઓ મોંઘી થઈ રહી છે. ડોલર મોંઘો થવાથી પેટ્રોલ-ડીઝલ અને વિદેશથી આયાત કરવામાં આવતા તમામ સામાનની કિંમતો વધશે, જે આખરે રિટેલ મોંઘવારીમાં મોટો ઉછાળો લાવી શકે છે.

આ ઉપરાંત, જે લોકો વિદેશમાં અભ્યાસ કરવા માંગે છે અથવા ફરવા જવાના શોખીન છે, તેમના માટે પણ હવે મુશ્કેલી વધશે કારણ કે ડોલર ખરીદવા માટે હવે પહેલા કરતા ઘણા વધારે રૂપિયા ખર્ચવા પડશે. ઈલેક્ટ્રોનિક્સ આઈટમ્સ જેવી કે મોબાઈલ, લેપટોપ અને અન્ય આયાતી પાર્ટ્સ પણ મોંઘા થઈ શકે છે, કારણ કે આ ચીજવસ્તુઓની આંતરરાષ્ટ્રીય ચુકવણી ડોલરમાં કરવામાં આવે છે.

સામાન્ય રીતે કોઈ ચલણની કિંમત નક્કી કરવામાં દેશના ફોરેન કરન્સી રિઝર્વ (વિદેશી હૂંડિયામણ ભંડાર) ની ભૂમિકા મહત્વની હોય છે. આ ભંડાર દ્વારા જ આંતરરાષ્ટ્રીય લેવડ-દેવડ થાય છે. જો ભારતના વિદેશી ભંડારમાં ડોલરનો જથ્થો પૂરતો હશે તો રૂપિયો સ્થિર રહી શકે છે, પરંતુ જો ડોલરની અછત સર્જાય અથવા ડોલરની માંગ વધે તો રૂપિયો નબળો પડે છે અને ડોલર મજબૂત બને છે. અત્યારે ડોલરની સરખામણીમાં રૂપિયાની કિંમત ઘટવાની આ પ્રક્રિયાને કરન્સી ડેપ્રિસિયેશન એટલે કે ચલણનું અવમૂલ્યન કહેવામાં આવે છે.

# વીજળીની માંગ ઐતિહાસિક 256 ગીગાવોટે પહોંચી ગઇ

## જૂન ૨૦૨૫માં ઉનાળામાં વીજળીની માંગ ૨૪૨.૭૭ ગીગાવોટ હતી



**અમદાવાદ, તા.30**

દેશમાં ગરમીના તીવ્ર મોજા વચ્ચે, ટોચની વીજ માંગ ૨૫૫.૮૫ ગીગાવોટની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે. આ અગાઉનો પણ ઐતિહાસિક વીજ ડિમાન્ડનો રેકોર્ડ ૨૫૫.૮૫ ગીગાવોટ જ હતો.

એર કન્ડીશનર અને કુલર જેવા ઠંડક આપતા ઉપકરણોના વધતા ઉપયોગથી માંગમાં વધારો થયો છે. ઉત્તર, મધ્ય અને પશ્ચિમ ભારતમાં તીવ્ર ગરમી વચ્ચે લોકોએ ગરમીથી રાહત મેળવવા માટે ઠંડક આપતા ઉપકરણોનો વધુને વધુ ઉપયોગ કરતા વીજળીના વપરાશમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

ઊર્જા મંત્રાલયના ડેટા અનુસાર સોમવાર, ૨૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પીક ઈલેક્ટ્રિસિટી ડિમાન્ડ ૨૫૫.૮૫ ગીગાવોટ (આશરે ૨૫૬ ગીગાવોટ)એ પહોંચી હતી. મહિનાના બીજા ભાગમાં માંગ ઝડપથી વધવા લાગી હતી, ૨૪ એપ્રિલ (શુક્રવાર)ના રોજ ૨૫૨.૦૭ ગીગાવોટ પર અને ૨૫ એપ્રિલ (શનિવાર) ના રોજ તે ૨૫૬.૧૧ ગીગાવોટને વટાવી ગઈ. જોકે ૨૬ એપ્રિલના રોજ રવિવારે રજાના દિવસે મોટાભાગના કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ એકમો બંધ રહેતા માંગ ઘટીને ૨૩૮.૧૫ ગીગાવોટ થઈ છે.

અત્રે નોંધનીય છે કે ગત વર્ષે જૂન ૨૦૨૫માં ઉનાળામાં વીજળીની માંગ ૨૪૨.૭૭ ગીગાવોટ હતી, જે સરકારના ૨૭૭ ગીગાવોટના અંદાજ કરતાં ઓછી હતી. ૨૦૨૪માં મે મહિનામાં રેકોર્ડ ૨૫૦ ગીગાવોટ નોંધાઈ હતી અને ૨૦૨૩માં સપ્ટેમ્બરમાં માંગ ૨૪૩.૨૭ ગીગાવોટ નોંધાઈ હતી. ભારતીય હવામાન વિભાગે આ વર્ષે ગરમીના તીવ્ર પ્રકોપની આગાહી કરી છે.

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**'C' ક્લાસ LC ગેટ્સનું ઈન્ટરલોકિંગ**

ઈ-ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ-આરજેટી-૨૬-૨૭-SnT-E-૦૩ તારીખઃ ૨૯-૦૪-૨૦૨૬

**કામનું નામઃ** રાજકોટ ડિવિઝન - (૧) ભટેલ-ભોપલકા સેક્શનના કિ.મી. નં. ૯૧૧/૯ ૯૧૨/૦ ખાતે LC-૨૫૮ (૨) ખંભાળીયા ભટેલ સેક્શન ના કિ.મી. નં. ૮૯૨/૪-૫ ખાતે LC ગેટ - ૨૪૧ (૩) જામનગર-લાખાબાવળ સેક્શનના કિ.મી. નં. ૮૩૩/૬-૭ ખાતે LC ગેટ - ૨૦૩ - 'C' ક્લાસ LC ગેટ્સનું ઈન્ટરલોકિંગ. **અંદાજીત ટેન્ડર પડતરઃ** ₹ ૨,૬૬,૫૬,૮૫૦.૬૦ (રૂપિયા બે કરોડ છાંસઠ લાખ છપ્પન હજાર આઠ સો પચાસ અને સાંઈઠ પૈસા માત્ર) **અર્નેસ્ટ મની ડિપોઝીટઃ** ₹ ૫,૩૩,૧૦૦.૦૦ (રૂપિયા પાંચ લાખ તેંત્રીસ હજાર એક સો માત્ર) **ટેન્ડર ફોર્મ ફી :** પેરા-૩, GCC-૨૦૨૨ મુજબ ₹ ૦૦.૦૦ (શુન્ય હજાર) **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૨૦-૦૫-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાક સુધી. **ઓફિસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એસએન્ડટી), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. **વેબસાઈટ :** www.ireps.gov.in RJT-010

અમને ફોલો કરોઃ x.com/WesternRly

# અસહ્ય ગરમીમાંથી મળશે આંશિક રાહત: ભેજવાળા પવન ફૂંકાતા તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે

અમદાવાદ, તા.30

રાજ્યના નાગરિકોને આજથી અસહ્ય ગરમીમાંથી રાહત મળવાની છે. આજથી તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે. ભેજવાળા પવન ફૂંકાતા હોવાથી નાગરિકોને આકરો તાપ સહન કરવો પડશે નહીં. જો કે છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો પણ નોંધાયો છે. તેમજ આગામી 7 દિવસ સુધી વાતાવરણ સૂકું રહેવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો કે હજુ પણ 7 જેટલા શહેરમાં તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચી ગયું છે.



છેલ્લા એક અઠવાડિયાથી મોટા ભાગના શહેરમાં ગરમીનો પારો સતત વધી રહ્યો હતો. મોટાભાગના શહેરોમાં તાપમાન 42થી 44 ડિગ્રીએ પહોંચી ગયું હતું. તો અમદાવાદમાં તાપમાન 44 ડિગ્રીને પાર પહોંચતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. જેથી બપોરના સમયે રસ્તાઓ સુમસામ થઈ જતા હતા. જો કે હવે વાતાવરણની પેટર્નમાં ફેરફાર થતાં રાજ્યમાં તાપમાનમાં ઘટાડો થવાની આગાહી આપવામાં આવી છે.

આજથી રાજ્યના મોટાભાગના શહેરમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધી ઘટાડો થવાની હવામાન વિભાગ દ્વારા શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. 44 ડિગ્રીએ ગરમી પહોંચ્યા બાદ તેમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થતા લોકો રાહતનો શ્વાસ લઈ શકશે. અત્યારે દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફ પવન ફૂંકાઈ રહ્યા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું કે, આગામી 7 દિવસ સુધી(6 મે સુધી) વાતાવરણ સૂકું રહેવાનું અનુમાન છે. ઉચ્ચતમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ આગામી દિવસમાં જોવા મળશે નહીં. પરંતુ તાપમાનમાં સામાન્ય ઘટાડો જોવા મળી શકે છે. દરિયાકાંઠાના વિસ્તારમાં પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાશે. અમદાવાદમાં 42 ડિગ્રી તાપમાન રહેશે તેવું અનુમાન છે. દાદરા નગર હવેલીમાં 40 ડિગ્રી જેટલું તાપમાન રહેવાનું અનુમાન છે. આજે સૌથી વધુ રાજકોટમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું છે. જે સામાન્ય કરતા 1.8 ડિગ્રી વધારે છે. રાજ્યના તમામ શહેરોમાં પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસે જણાવ્યું હતું કે, આગામી 7 દિવસ સુધી વાતાવરણ સૂકું રહેવાનું છે. આગામી દિવસમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાશે. જે બાદ કોઈ મોટો બદલવા જોવા મળશે નહીં. દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફ પવન ફૂંકાઈ શકે છે. તેમજ 15થી 20 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ તાપમાન 43 ડિગ્રી નોંધાયું છે. રાજકોટમાં 43.6 ડિગ્રી સૌથી વધુ તાપમાન નોંધાયું છે. જે સામાન્ય કરતા 2 ડિગ્રી વધારે નોંધાયું છે. ત્રણ દિવસ સુધી તાપમાન 43 ડિગ્રી સુધી પહોંચી રહેવાનું અનુમાન છે. પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાતા હોવાથી તાપમાનમાં ફેરફાર થશે.

ગરમીના સર્વકાલીન રેકોર્ડની વાત કરીએ, તો ગુજરાતમાં સૌથી વધુ ગરમીનો રેકોર્ડ મે, 2016માં નોંધાયો હતો, જ્યારે અમદાવાદમાં 48.0C અને કંડલામાં 48.4C તાપમાન નોંધાયું હતું. અત્યારે (2026) એપ્રિલ મહિનો પૂરો થવા આવ્યો છે અને મે મહિનો બાકી હોવાથી શક્યતા છે કે, આગામી દિવસોમાં આ 45.2Cનો રેકોર્ડ પણ તૂટી શકે છે, કારણ કે મે મહિનો ગુજરાતમાં સૌથી ગરમ મહિનો માનવામાં આવે છે. આગામી 24 કલાકમાં ગુજરાતમાં હીટવેવનો ખતરો છે અને તાપમાન 45 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે.

# વિપક્ષના નેતા તરીકે શહેઝાદખાન અને નીરવ બક્ષી વચ્ચે હરીફાઈ, ઉપનેતા તરીકે જયમન શર્માને પણ મળી શકે તક

અમદાવાદ, તા.30

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની 192 બેઠકોના પરિણામો જાહેર થયા બાદ શહેરના રાજકારણમાં હવે નવા સમીકરણો રચાઈ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીએ 160 બેઠકો સાથે ઐતિહાસિક બહુમતી મેળવી સત્તા જાળવી રાખી છે, જ્યારે 32 બેઠકો સાથે કોંગ્રેસ વિપક્ષની ભૂમિકામાં આવી છે. સત્તાધારી પક્ષમાં મેયર અને અન્ય હોદ્દાઓ માટે કવાયત શરૂ થઈ છે, ત્યારે બીજી તરફ વિપક્ષ કોંગ્રેસમાં 'નેતા વિપક્ષ' (Leader of Opposition) કોણ બનશે તેને લઈને ભારે રસાકસી અને હલચલ જોવા મળી રહી છે.





કોંગ્રેસ છાવણીમાં વિપક્ષના નેતા પદ માટે મુખ્યત્વે બે જૂથો સક્રિય થયા છે. જેમાં પ્રથમ નામ દાણીલીમડા વોર્ડના કાઉન્સિલર શહેઝાદ ખાન પઠાણનું છે. ગત ટર્મમાં વિપક્ષી નેતા તરીકે પઠાણે શાસક પક્ષ સામે આક્રમક વલણ અપનાવ્યું હતું અને પ્રજાના પ્રશ્નોને મ્યુનિસિપલ બોર્ડમાં મજબૂત રીતે વાચા આપી હતી. તેમની આ જ આક્રમક છબીને કારણે હાઈકમાન્ડ તેમને ફરીથી તક આપે તેવી પ્રબળ શક્યતા છે.

બીજી તરફ, દરિયાપુર વોર્ડના નીરવ બક્ષીનું નામ પણ એટલું જ ચર્ચામાં છે. નીરવ બક્ષી ગત ટર્મમાં ઉપનેતા તરીકેની જવાબદારી સંભાળી ચૂક્યા છે. તેમની સિનિયરિટી, પક્ષ પ્રત્યેની વફાદારી અને અનુભવને જોતા પક્ષ તેમને નેતા પદની મોટી જવાબદારી સોંપીને નવા ચહેરા તરીકે રજૂ કરી શકે છે.

માત્ર નેતા પદ જ નહીં, પરંતુ ઉપનેતા અને દંડક (Whip) માટે પણ અનેક નામો પર મંથન ચાલી રહ્યું છે. બાપુનગરના જયમન શર્મા અને મકતમપુરાના હાજી મિર્ઝા બેગ ઉપનેતા પદ માટે પ્રબળ દાવેદાર ગણાઈ રહ્યા છે. જ્યારે શાસક પક્ષના સભ્યોને ગૃહમાં ઘેરવા માટે દંડક તરીકે જમાલપુરના મુસ્તાક ખાદીવાલા અથવા ખાડિયાના ધ્રુવ કલાપીની પસંદગી થઈ શકે છે.

કોંગ્રેસ માટે સૌથી મોટી ચિંતા આંતરિક ખેંચતાણ અને જૂથબંધી છે. ઉલ્લેખનીય છે કે ગત ટર્મમાં નેતાની પસંદગી મુદ્દે થયેલા વિવાદને કારણે આ પદ એક વર્ષ સુધી ખાલી રહ્યું હતું, જેની સીધી અસર વિપક્ષની કામગીરી પર પડી હતી. આ વખતે પક્ષના મોવડી મંડળ સામે કોઈ પણ પ્રકારના વિવાદ વગર વહેલી તકે નિમણૂક કરવાનો મોટો પડકાર છે.

હવે સૌની નજર કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અને હાઈકમાન્ડના નિર્ણય પર ટકેલી છે. શું પક્ષ ફરી એકવાર શહેઝાદ ખાન પઠાણના અનુભવ પર ભરોસો મૂકશે કે પછી નીરવ બક્ષી જેવા અનુભવી ચહેરાને નેતૃત્વ સોંપીને નવી રણનીતિ સાથે આગળ વધશે, તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

# ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા DEOનો એક્શન પ્લાન: તમામ શાળાઓને બાળકોનો સર્વે કરવા સૂચના

અમદાવાદ, તા.30

અમદાવાદ શહેર અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શાળાઓમાં બાળકોનો અભ્યાસ અધવચ્ચે ન છૂટે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યત્વે ધોરણ 5થી 6 અને ધોરણ 8થી 9માં પ્રવેશ લેતી વખતે થતા ડ્રોપ આઉટને રોકવા પર ભાર મૂકવામાં આવ્યો છે. શહેરની તમામ શાળાઓને આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ વિદ્યાર્થીઓનો સર્વે કરે અને સુનિશ્ચિત કરે કે દરેક બાળક આગળના ધોરણમાં પ્રવેશ મેળવે છે. વિદ્યાર્થીઓ કઈ શાળામાં પ્રવેશ લેવા ઈચ્છે છે તેની સંભવિત યાદી તૈયાર કરવામાં આવશે, જેથી ટ્રેકિંગ સરળ બને. એ સાથે જ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે ખાસ 'પ્રવેશ સેલ' બનાવવામાં આવ્યો છે. જ્યાં અધિકારીઓ વાલીઓ અને વિદ્યાર્થીઓને પ્રવેશ માટે માર્ગદર્શન આપશે.




નવી શિક્ષણ નીતિ (NEP 2020) અંતર્ગત કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવો લક્ષ્યાંક છે. આ માટે સરકારની વિવિધ યોજનાઓ જેવી કે નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, જ્ઞાનસેતુ અને જ્ઞાન સાધના સ્કોલરશીપ, આ યોજનાઓનો લાભ વિદ્યાર્થીઓ મારફતે વાલીઓ સુધી પહોંચાડવા માટે શાળાઓને સૂચના આપવામાં આવી છે.

જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીના જણાવ્યા મુજબ, ડ્રોપ આઉટ પાછળના મુખ્ય કારણ શાળામાં માત્ર ધોરણ 8 સુધીનો જ અભ્યાસ હોવો છે. બીજું કે રહેઠાણથી શાળાનું અંતર વધારે હોવું અને પરિવારનું સ્થળાંતર અથવા આર્થિક-સામાજિક પરિસ્થિતિ.

હાલમાં અમદાવાદમાં ધોરણ 8માં અંદાજે 87,001 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ તમામ વિદ્યાર્થીઓ ધોરણ 9મા પ્રવેશ મેળવે અને માધ્યમિક સુધીનું શિક્ષણ પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા માટે તમામ શિક્ષણ નિરીક્ષકો અને આચાર્યોને કામગીરી સોંપવામાં આવી છે.

# UG-NEETમાં ગેરરીતિ અટકાવવા વિદ્યાર્થીઓને રજા ન આપવા NTAનો નિર્ણય: મેડિકલ વિંગના રાષ્ટ્રીય સંયોજકે કહ્યું, વિદ્યાર્થીઓને કોલેજમાં બંધ કરવાના બદલે સિસ્ટમમાં સુધાર કરવાની જરૂર

અમદાવાદ, તા.30

દેશભરમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ધો. 12 સાયન્સ બાદ મેડિકલમાં પ્રવેશ માટેની આગામી 3 મેના રોજ UG NEETની પરીક્ષા લેવામાં આવશે. જેથી નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ UG NEET પરીક્ષાને લઈને મેડિકલના વિદ્યાર્થીઓની રજા નહીં આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પરીક્ષામાં થતી ગેરરીતિ અને સુરક્ષા કારણોસર 2 અને 3 મેના રોજ વિદ્યાર્થીઓની રજા રદ કરવામાં આવી છે. અગાઉ મેડિકલના વિદ્યાર્થીઓની ગેરરીતિમાં સંડોવણી આવતા NMC દ્વાર પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓની રદ કરવાના આદેશથી ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ અને વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રાષ્ટ્રીય તબીબી આયોગ દ્વારા તમામ મેડિકલ કોલેજના ડીન અને સંસ્થાઓના આચાર્યને પરિપત્ર કરવામાં આવ્યો છે. 3મેના રોજ યોજાનારી NEET UGની પરીક્ષાના સંચાલનની પવિત્રતા સુનિશ્ચિત કરવા મેડિકલ કોલેજને સૂચના આપવામાં આવી છે. તેમજ 2 અને 3મેના રોજ વિદ્યાર્થીઓને રજા ન આપવા માટે પણ સૂચના આપવામાં આવી છે. ભૂતકાળમાં થયેલા કિસ્સાઓમાં કેટલાક વિદ્યાર્થીઓએ પરીક્ષા પ્રક્રિયાની પવિત્રતા અને અખંડિતતાને જોખમમાં મૂકે તેવી પ્રવૃતિઓમાં જોડાયેલા હોવાનો પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેથી 2 અને 3મેના મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને રજા ન આપવાનો આદેશ કરવામાં આવ્યો છે.



જેથી મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રીય તબીબી આયોગ લેવામાં આવેલો નિર્ણય સોસાયટીને નેગેટિવ સંદેશ આપતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સિસ્ટમને મજબૂત કરવાના બદલે વિદ્યાર્થીઓને કોલેજની બહાર ન નીકળવા અને રજા ન આપવાના નિર્ણયથી કોપી થતી અટકાવી શકાશે તો તે નેગેટિવ સંદેશ આપવામાં આવતો હોવાનો પણ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ દાવો કર્યો છે. ભૂતકાળમાં પેપર લીક થયા ત્યારે કોઈ વિદ્યાર્થી નહીં પરંતુ એજ્યુકેશનના દલાલોનું નામ સામે આવ્યા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આવા નિર્ણય લેવાના બદલે સિસ્ટમ સુધારવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

ABVP મેડિકલ વિંગના રાષ્ટ્રીય સંયોજક મૌલિક ઠક્કરે જણાવ્યું હતું કે, નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ NEET UGની પરીક્ષાનું આયોજન કરતી હોય છે. જે ધોરણ 12 પછી MBBSમાં એડમિશન લેવા માટે વિદ્યાર્થીઓ પરીક્ષા આપતા હોય છે. જેને લઈને સર્ક્યુલર બહાર પાડવામાં આવ્યો છે. એક વર્ષ પહેલા NEET UGની પરીક્ષા ધાંધિયા થયા હતા જેના લીધે પેપર લીક થયું હતું. જેને લઈને સરકાર દ્વારા અમુક પગલાં લેવામાં આવ્યા છે. જેથી કોપી થવાના ચાન્સ ઘટી શકે. જેમાં પેરેગ્રાફમાં પોઈન્ટ નંબર ત્રણમાં સરકારે એવું કહેવા માંગે છે કે જે મેડિકલ સ્ટુડન્ટ છે જે અત્યારે MBBSના પહેલા વર્ષમાં અભ્યાસ કરે છે, તેમને રજા આપવામાં ના આવે જે સમયે NEET UGની પરીક્ષા લેવામાં આવતી હોય.

વધુમાં મૌલિક ઠક્કરે જણાવ્યું હતું કે, કારણ કે તે લોકો NEET પરીક્ષા પાસ કરીને આવ્યા છે અને તેવા લોકો વિદ્યાર્થીઓને કોપી કરવામાં મદદ કરી શકે તેવું સરકારનું કહેવું છે. સરકારનો જે ઉદેશ છે કે કોપી થતા અટકવી જોઈએ તે સાચો છે પરંતુ આ પગલું લેવું શું ફાયદાકારક બનશે તે વિચારવા જેવું છે. તેને વધુમાં કહ્યુ કે, ગયા વર્ષે જ્યારે પેપર લીક થયું હતું ત્યારે મેડિકલ સ્ટુડન્ટ દ્વારા કોપી કરાવવામાં આવી હોય તેવો કેસ સામે આવ્યો નહોતો. પરંતુ જે દલાલ સંડોવાયેલા છે.

# યુવકે ટ્રેનમાં અમદાવાદના આધેડ વેપારીને મિત્રતા કરી ફસાવ્યા: વીડિયો કોલમાં ઉત્તેજિત કરીને અશ્લીલ વીડિયો બનાવી લીધો

અમદાવાદ, તા.30

અમદાવાદના જશોદાનગર વિસ્તારમાં રહેતા આધેડ વેપારીને પંજાબના ફિરોજપુરના યુવકે ટ્રેનમાં મિત્રતા કરીને વીડિયો કોલ મારફતે ખરાબ વાતોથી ઉત્તેજિત કરીને અશ્લીલ વીડિયો બનાવી લીધો હતો. ત્યારબાદ સગા સંબંધી અને સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી રૂ. 8.88 લાખ પડાવી લીધા હતા.

આ વીડિયો બાબતે ક્રાઈમ બ્રાન્ચના PIની ઓળખ આપીને પણ રાહુલ નામના શખ્સે 15 લાખ રૂપિયાની માંગણી કરી હતી. આ સમગ્ર મામલે આધેડ વેપારીએ ખોખરા પોલીસ સ્ટેશનમાં ત્રણ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, જશોદાનગરમાં 54 વર્ષીય આધેડ તેના પરિવાર સાથે રહે છે અને કેટરિંગનો વ્યવસાય કરે છે. 2023માં તેઓ ટ્રેનમાં બેસીને પંજાબ ખાતે જતા હતા, ત્યારે ફિરોજપુર સ્ટેશન પર તેમની બાજુમાં એક વ્યક્તિ બેઠો હતો જેણે પોતાનું નામ નિખિલ પુરાના જણાવ્યું હતું. વાતચીત કરતા તેમની સાથે મિત્રતા થઈ હતી અને મોબાઈલ નંબરની આપ લે થઈ હતી. બે મહિના બાદ નિખિલે ફોન કરી અને કહ્યું હતું કે મારી માતાની તબિયત ખરાબ છે અને મારા ઘરની આર્થિક



પરિસ્થિતિ ખરાબ છે. પરીક્ષાની ફી ભરવા પૈસાની જરૂર છે. જેથી આધેડ વેપારીએ ઓનલાઈન ગુગલ પે મારફતે 17,000 રૂપિયા આપ્યા હતા.

ત્યારબાદ વોટ્સએપ નંબર ઉપર એક વીડિયો મોકલ્યો હતો, જે બાબતે નિખીલને પૂછતા તેણે કહ્યું ભૂલથી તમારામાં આવી ગયો છે. સપ્ટેમ્બર 2025માં નિખીલે વીડિયો કોલ કર્યો હતો અને વીડિયો કોલમાં બિભત્સ વાતો કરી અને આધેડ વેપારીને ઉત્તેજિત કર્યો હતો. ત્યારબાદ તેની પાસે 2000ની માંગણી કરતા મિત્રતા ભાવથી ઓનલાઈન મોકલી આપવામાં આવ્યા હતાં. ત્યારબાદ નિખિલે તેના ફોનથી એક વીડિયો મોકલ્યો હતો જે જોતા તેમાં વીડિયો કોલમાં ઉત્તેજિત કર્યો હોવા અંગેનો અશ્લીલ વિડિયો હતો.

આ વીડિયો બાબતે નિખિલના ભાઈ સાહિલ ખુરાનાએ ફોન કરી અને કહ્યું હતું કે કેમ મારા ભાઈ નિખિલ સાથે આવો ગંદો વીડિયો બનાવ્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી અલગ અલગ ટ્રાન્જેક્શન અને રોકડા મળી 8.88 લાખ રૂપિયા પડાવી લીધા હતાં.

ત્યારબાદ રાહુલ નામના અજાણ્યા વ્યક્તિએ પણ ફોન કરીને ઓળખ આપી ડરાવી ધમકાવી 15 લાખની માંગણી કરી હતી. આ સમગ્ર મામલે તેઓએ સાઈબર ક્રાઈમમાં ફોન કરી ફરિયાદ લખાવી હતી જે બાદ ખોખરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




